RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 16, Issue : 14, Dt.24-4-2025 Thursday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI



## આતંકીઓને અને તેમના આકાઓને કલ્પના કરતા મોટી સજા મળશે

### મોદીનો બિહારથી રણટંકારઃ પહેલગાવ હમલા કે આતંકવાદિયોં કો મિટ્ટી મેં મિલા દેંગે

**મુખ્ય સમાચાર, મધુબની**

મધુબની પહેલગામ આતંકી હુમલા બાદ દેશભરમાં રોષ ફેલાયો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ બિહારના મધુબનીમાં એક જાહેર સભાને સંબોધતા સ્પષ્ટપણે કહ્યું હતું કે આતંકવાદીઓએ નિર્દોષ દેશવાસીઓ પર હુમલો કર્યો છે. આ હુમલો દેશની આત્મા પરનો હુમલો છે.

વડાપ્રધાન મોદીએ કહ્યું હતું કે, ''હું સ્પષ્ટપણે કહેવા માંગુ છું કે આતંકવાદીઓ અને તેમના આકાઓને કલ્પનાથી પણ મોટી સજા મળશે. હવે આતંકવાદીઓની બચેલી જમીનને માટીમાં ભેળવવાનો સમય આવી ગયો છે.''

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મધુબનીના લોહના ઉત્તર પંચાયતમાં એક સભાને સંબોધિત કરી હતી. વડાપ્રધાન મોદીએ પોતાની સભાની શરૂઆતમાં લોકોને પોતાની જગ્યાએ બેસવા જણાવ્યું હતું અને પહેલગામ હુમલામાં માર્યા ગયેલા લોકો માટે બે મિનિટ મૌન પાળી શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.

આ પહેલાં વડાપ્રધાન મોદીએ ૧૩,૪૮૦ કરોડથી વધુની વિકાસ યોજનાઓ દેશને સમર્પિત કરી હતી. વડાપ્રધાને શ્રેષ્ઠ પ્રદર્શન કરનારી પંચાયતોના પ્રતિનિધિઓને રાષ્ટ્રીય પંચાયત પુરસ્કાર પણ આપ્યા હતા. આતંકી હુમલાના કારણે સભામાં કોઈ પણ પ્રકારનું સંગીત વગાડવામાં આવ્યું ન હતું અને ઢોલનો પણ ઉપયોગ થયો ન હતો. પહેલગામ આતંકી હુમલા બાદ વડાપ્રધાન મોદી પ્રથમ વખત કોઈ જાહેર કાર્યક્રમમાં જોવા મળ્યા હતા.

દરમિયાન, ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે કહ્યું હતું કે આતંકવાદના તાબૂતમાં છેલ્લી ખીલી ઠોકવાનું કામ શરૂ થઈ ગયું છે. મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ કાનપુર પહોંચ્યા હતા અને પહેલગામ આતંકી હુમલામાં માર્યા ગયેલા શુભમ દ્વિવેદીના પરિવારને મળ્યા હતા. શુભમનો અંતિમ સંસ્કાર આજે જ કરવામાં આવ્યો હતો. પરિવારને મળ્યા બાદ યોગીએ કહ્યું હતું કે, ''પહેલગામનો આતંકી હુમલો ક્રૂર, જઘન્ય અને કાયરતાપૂર્ણ કૃત્ય છે, જેને કોઈ પણ સભ્ય સમાજમાં સ્વીકારી શકાય નહીં.''

મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે કહ્યું હતું કે, ''વડાપ્રધાનના નેતૃત્વમાં દેશમાં આતંકવાદ અંતિમ શ્વાસ લઈ રહ્યો છે. આતંકવાદના તાબૂતમાં છેલ્લી ખીલી ઠોકવાનું કામ શરૂ થઈ ગયું છે.''

પીએમ મોદીએ કહ્યું, '૨૨ એપ્રિલે જમ્મુ-કાશ્મીરના પહેલગામમાં જે રીતે નિર્દોષ લોકોની હત્યા કરવામાં આવી હતી. આખો દેશ તેનાથી દુઃખી છે. તેમના દુઃખમાં આખો દેશ તેમની સાથે ઉભો છે. સરકાર એ પણ સુનિશ્ચિત કરવા માટે પ્રયાસો કરી રહી છે કે જેઓ હાલમાં સારવાર હેઠળ છે તેઓ જલ્દી સ્વસ્થ થઈ જાય. આ હુમલો ફક્ત નિઃશસ્ત્ર લોકો પર જ થયો નથી. આ ભારતની આસ્થા પર હુમલો છે. હું સ્પષ્ટપણે કહેવા માંગુ છું કે, હુમલાખોરો અને તેમના આકાઓને કલ્પના કરતાં પણ મોટી સજા મળશે. પહલગાવ હમલા કે આતંકવાદિયોં કો મિટ્ટી મેં મિલા દેંગે.

પહેલગામ આતંકવાદી હુમલા અંગે પીએમ મોદીએ કહ્યું, 'અમે તેમને ધરતીના છેલ્લા ખૂણા સુધી હાંકી કાઢીશું.' આતંકવાદથી ભારતનો આત્મા ક્યારેય તૂટી શકશે નહીં. આતંકવાદને સજા થશે. ન્યાય સુનિશ્ચિત કરવા માટે શક્ય તમામ પ્રયાસો કરવામાં આવશે. આ સંકલ્પમાં આખો દેશ એક થયો છે. માનવતામાં વિશ્વાસ રાખનાર દરેક વ્યક્તિ આપણી સાથે છે. હું વિવિધ દેશોના લોકો અને તેમના નેતાઓનો આભાર માનું છું જેઓ અમારી સાથે ઉભા છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ બિહારના મધુબનીમાં કહ્યું, 'મારું ભાષણ શરૂ કરતા પહેલા, હું તમારા બધાને પ્રાર્થના કરવા માંગુ છું. તમે જ્યાં પણ હોવ, તમારી જગ્યાએ બેઠા હોવ, આપણે ૨૨મી તારીખે ગુમાવેલા પરિવારના સભ્યોને યાદ કરીએ છીએ. તેમને શ્રદ્ધાંજલિ અર્પણ કરુ છું. પહેલગામ આતંકવાદી હુમલા મામલે વડાપ્રધાન મોદીએ કહ્યું- આતંકીઓને તેમની કલ્પના બહારની સજા મળશે.

## પહેલગામ હુમલાના આતંકીઓની માહિતી આપનારને ૨૦ લાખનું ઈનામ અપાશે



અનંતનાગ પોલીસે જાહેર કર્યુ ઈનામ

**મુખ્ય સમાચાર, અનંતનાગ**

જમ્મુ-કાશ્મીરના પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલામાં અત્યાર સુધીમાં ૨૮ લોકોના મોત થયા છે. જ્યારે ઘણા લોકો ઘાયલ થયા છે અને તેમની સારવાર હોસ્પિટલમાં ચાલી રહી છે. જોકે આ ભયાનક આતંકવાદી હુમલામાં સામેલ આતંકવાદીઓ હજુ સુધી પકડાયા નથી.

આતંકવાદીઓની શોધમાં સેના અને પોલીસ બંને સતત સર્ચ ઓપરેશન ચલાવી રહ્યા છે. હવે જમ્મુ અને કાશ્મીરના અનંતનાગ જિલ્લાની પોલીસે પહલગામ હુમલામાં સામેલ આતંકવાદીઓ વિશે માહિતી આપનારાઓ માટે મોટા ઈનામની જાહેરાત કરી છે.

અનંતનાગ પોલીસે એક પોસ્ટર બહાર પાડ્યું છે જેમાં કહેવામાં આવ્યું છે કે મંગળવારે જમ્મુ અને કાશ્મીરના અનંતનાગના પહેલગામના બૈસરનમાં પ્રવાસીઓ પર થયેલા કાયર આતંકવાદી હુમલામાં સામેલ આતંકવાદીઓ વિશે કોઈપણ માહિ-તી આપનારને ૨૦ લાખ રૂપિયાનું ઈનામ આપવામાં આવશે. માહિતી આપનારની ઓળખ સંપૂર્ણપણે ગુપ્ત રાખવામાં આવશે.

## ભારતનાં પાંચ પ્રહારથી પાડોશી દેશનાં હાલ-બેહાલ થઈ જશે

### પાકિસ્તાનને આર્થિક રાજકીય-વ્યૂહાત્મક મોરચે સણસણતો તમાચો પડશેઃ જીડીપીને લાગશે આગ



**મુખ્ય સમાચાર, નવી દિલ્હી**

જમ્મુ અને કાશ્મીરના પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલા બાદ, ભારતે પાકિસ્તાન સામે પાંચ મોટા બદલો લેવાના પગલાં લીધા છે, જે આર્થિક, રાજદ્વારી અને વ્યૂહાત્મક મોરચે પાડોશી દેશ માટે ભારે ફટકો સાબિત થઈ શકે છે.જમ્મુ અને કાશ્મીરના પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલા બાદ, ભારતે વિઝાથી લઈને પાણી સુધીની દરેક વસ્તુ પર પ્રતિબંધની જાહેરાત કરીને પાકિસ્તાન પર પ્રહાર કર્યા છે. તેમના પાંચ મોટા પગલાંથી પાડોશી દેશમાં ગભરાટ ફેલાયો છે.પાકિસ્તાન ખેતી કેવી રીતે કરશે? વીજળી પણ ગુલ થશે, કરાચીથી લાહોર સુધી દુષ્કાળનો ભય મંડરાઈ રહ્યો છે બુધવારે સાંજે પીએમ મોદીની અધ્યક્ષતામાં સુરક્ષા બાબતો પર મળેલી કેબિનેટની બેઠક દરમિયાન પાંચ મોટા નિર્ણયો લેવામાં આવ્યા, જે આર્થિક-રાજદ્વારી મોરચે પાકિસ્તાનને ઊંડું નુકસાન પહોંચાડી શકે છે. હકીકતમાં, મંગળવારે જમ્મુ અને કાશ્મીરના પહેલગામની બૈસરન ખીણમાં થયેલા આતંકવાદી હુમલામાં ૨૮ લોકો માર્યા ગયા હતા. આ પછી દેશમાં શોક અને ગુસ્સાનું વાતાવરણ છે. જનતાથી લઈને સરકારના ઉચ્ચ સ્તર સુધી પાકિસ્તાનને પાઠ ભણાવવાની માંગ છે.

મોદી સરકારે ૬૫ વર્ષ જૂના સિંધુ જળ સંધિ કરારને રોકવા, વાઘા-અટારી સરહદ બંધ કરવા અને પાકિસ્તાની હાઈ કમિશનના ઉચ્ચ અધિકારીઓને દેશ છોડી દેવા માટે અલ્ટીમેટમ આપ્યું છે. પાકિસ્તાની નાગરિકોને સાર્ક વિઝા ન આપવાનો પણ નિર્ણય લેવામાં આવ્યો હતો અને હાલમાં આવા વિઝા પર ભારતમાં રહેતા પાકિસ્તાનીઓને ૪૮ કલાકની અંદર દેશ છોડી દેવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે. નવી દિલ્હીમાં પાકિસ્તાન હાઈ કમિશનમાં તૈનાત લશ્કરી સલાહકારોને પણ સાત દિવસની અંદર ભારત છોડવાનો આદેશ આપવામાં આવ્યો છે. મોદી સરકારે ઈસ્લામાબાદ સ્થિત તેના હાઈ કમિશનના ઉચ્ચ અધિકારીઓને પણ સમન્સ પાઠવ્યા છે.

૧૯૬૦માં વિશ્વ બેંકની મધ્યસ્થી હેઠળ ભારત અને પાકિસ્તાન વચ્ચે સિંધુ જળ સંધિ પર હસ્તાક્ષર થયા હતા. આ એક ઐતિહાસિક જળ-વહેંચણી કરાર છે જે બંને દેશો વચ્ચે છ નદીઓના પાણીના ઉપયોગને નિયંત્રિત કરે છે. આ નદીઓમાં સિંધુ, ઝેલમ, ચિનાબ, રાવી, બિયાસ અને સતલજનો સમાવેશ થાય છે. યુદ્ધો અને તણાવ છતાં, આ સંધિ દાયકાઓ સુધી બંને દેશો વચ્ચે સહકારનું પ્રતીક રહી. જોકે, તાજેતરમાં, ૨૨ એપ્રિલે જમ્મુ અને કાશ્મીરના પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલા બાદ, ભારતે આ સંધિને સ્થગિત કરવાનો ઐતિહાસિક નિર્ણય લીધો. આ પગલું ભારતની વ્યૂહાત્મક નીતિમાં મોટો ફેરફાર દર્શાવે છે અને તેના પાકિસ્તાન માટે દૂરગામી પરિણામો આવી શકે છે. પાકિસ્તાનનું અર્થતંત્ર અને વસ્તી આ જળ વ્યવસ્થા પર ખૂબ આધાર રાખે છે.

પૂર્વીય નદીઓ (રાવી, બિયાસ, સતલજ)આ નદીઓનો સંપૂર્ણ નિયંત્રણ ભારતને આપવામાં આવ્યો હતો, જેનાથી લગભગ ૩૩ મિલિયન એકર-ફીટ (૪૧ અબજ ઘન મીટર) પાણી પૂરું પાડવામાં આવ્યું હતું.

પશ્ચિમી નદીઓ (સિંધુ, ઝેલમ, ચિનાબ) આ નદીઓનું નિયંત્રણ પાકિસ્તાનને આપવામાં આવ્યું હતું, જેનાથી લગભગ ૧૩૫ મિલિયન એકર-ફીટ (૯૯ અબજ ઘન મીટર) પાણી મળતું હતું.

સંધિ મુજબ, ભારત પમી નદીઓના પાણીનો મર્યાદિત બિન-વપરાશકર્તા ઉપયોગ (જેમ કે જળવિદ્યુત ઉત્પાદન) કરી શકે છે, પરંતુ પાણીના પ્રવાહને અવરોધિત કરી શકતું નથી અથવા તેમાં નોંધપાત્ર ફેરફાર કરી શકતું નથી. આ સંધિ બંને દેશો વચ્ચે પાણીની વહેંચણી માટે એક વાજબી માળખું પૂરું પાડે છે અને તેને વિશ્વના સૌથી સફળ પાણી કરારોમાંનો એક ગણવામાં આવે છે.

## આજે સાંજે સર્વપક્ષીય બેઠક રાહુલ ગાંધીએ પણ વિદેશ પ્રવાસ ટુંકાવ્યો

સંરક્ષણમંત્રી રાજનાથસિંઘ પહેલગામ હુમલા- સરકારના પગલાની માહિતી આપશે



**મુખ્ય સમાચાર, નવી દિલ્હી**

પહેલગામ હુમલાના પગલે હવે એકશનમાં આવેલી કેન્દ્રની મોદી સરકાર એ પાકિસ્તાન સામે ડિપ્લોમેટીક પગલા તો શરુ કરી જ દીધા છે પણ હવે મિલીટ્રી એકશનની સંભાળના વચ્ચે સમગ્ર હુમલાની સંવેદનશીલતા જોતા આજે સર્વપક્ષીય બેઠક બોલાવી છે અને તેમાં વિપક્ષના નેતાઓ ઉપસ્થિત રહેશે.

વિપક્ષના નેતા રાહુલ ગાંધી પણ અમેરિકી યાત્રા અધુરી છોડીને ભારત આવી ગયા છે અને આ સર્વપક્ષીય બેઠક સાંજે મળી રહી છે અને તેમાં રક્ષામંત્રી શ્રી રાજનાથસિંઘ વિપક્ષી નેતાઓને પહેલગામ હુમલા અંગે માહિતી આપશે અને સરકારના પગલા અંગે પણ વિપક્ષોને વિશ્વાસમાં લેશે. ગઈકાલથી જ ગૃહમંત્રી શ્રી અમીત શાહ તથા રક્ષામંત્રી શ્રી રાજનાથસિંઘે વિપક્ષના નેતાઓ સાથે વાતચીત કરી હતી અને આજની બેઠક અંગે માહિતી આપી હતી. સાંજે ૬ વાગ્યે મળનારી આ બેઠકની માંગ વિપક્ષોએ કરી હતી.

## પ્રવાસીઓથી ધમધમતું કાશ્મીર હવે સુમસામ બની ગયુ

**મુખ્ય સમાચાર, શ્રીનગર**

ધરતી પરના સ્વર્ગ ગણાતા કાશ્મીરનાં પહેલગામમાં ત્રાસવાદીઓએ આચરેલા નરસંહારથી સમગ્ર દેશ હચમચી ગયો છે.મંગળવાર બપોર સુધી કૂદરતી સૌદર્યની મજા માણતા પ્રવાસીઓથી ધમધમતું કાશ્મીર હવે સુમસામ બની ગયુ છે.

પ્રવાસીઓને પરત ફરવા માટે ઘસારો છે. ત્રાસવાદી હૂમલાથી ભયભીત પ્રવાસીઓને હેમખેમ પરત મોકલવા માટે વધારાની વિમાની-રેલ સેવા શરૂ કરવામાં આવી છે. આ ઘટનાક્રમથી હવે કાશ્મીરનો પ્રવાસન ઉદ્યોગ ભાંગી પડવાની આશંકા દર્શાવવામાં આવી રહી છે.

ધરતી પરનુ સ્વર્ગ અચાનક નર્કમાં ફેરવાઈ ગયાનો ઘાટ સર્જાયો છે. કુદરતી સૌદર્યથી ભરપુર રાજયનાં તમામ સ્થળો પરથી પર્યટકો સુરક્ષીત



સ્થાનોએ પાછા આવી જતા પ્રવાસીઓની કિલકારીથી ગુંજતા સ્થાનો-રસ્તાઓ સુમસામ બની ગયા છે. કાશ્મીરમાં જ રહેલા પ્રવાસીઓએ પરત આવવાનું શરૂ કરી જ દીધુ છે. બીજી તરફ આવનારા દિવસોમાં પ્રવાસન બુકીંગ કરાવનારાઓના બુકીંગ પણ ધડાધડ રદ થવા લાગ્યા છે. એક જ દિવસમાં કાશ્મીરનો પ્રવાસન ઉદ્યોગ ભાંગી પડવાના આરે આવી ગયો છે.

હુમલાના ૩૦ કલાકમાં જ અંદાજીત ૧૫૦૦૦ થી વધુ પ્રવાસીઓ વિમાન માર્ગે પરત ગયા છે. ૫૦ જેટલી ફલાઈટોએ ઉડાન ભરી હતી. રેલવે તથા માર્ગ પરિવહન મારફત પણ પણ સેંકડો પ્રવાસીઓ પરત ફરી ગયા છે.

સરકારી તથા હોટેલ વ્યવસાયીઓ ટુર ઓપરેટરોએ કહ્યું કે માત્ર પહેલગામ જ નહિં, શ્રીનગર-ગુલમર્ગ-સોનમર્ગ જેવા રાજયનાં અન્ય સ્થળોમાંથી પણ પ્રવાસીઓની વાપસી થઈ છે.

ઓનલાઈન ટુર ઓપરેટર કંપની કલીયર ટ્રીપનાં અધિકારી મંજરી સિંઘલે કહ્યું કે શ્રીનગર ફલાઈટ કેન્સેલેશનમાં સાત ગણો વધારો જોવાયો છે અને હજુ વધુ કેન્સલેશન આવી શકે છે. મેક માય ટ્રીપનાં પ્રવકતાએ કહ્યું કે મુશ્કેલ સમયમાં પ્રવાસીઓની મદદ માટે લોકલ હોટેલ-ટુર ઓપરેટરો સાથે સંકલન કરવામાં આવી રહ્યું છે.

ટ્રાવેલ્સ ક્ષેત્રનાં સુત્રોએ કહ્યું કે માત્ર કાશ્મીર જ નહિં. લોકો જમ્મુ જવામાં પણ ભય અનુભવી રહ્યા છે.વૈષ્ણોદેવીના બુકીંગ પણ રદ થઈ રહ્યા છે. પહેલ ગામમાં આતંકી હુમલાથી ભયભીત પ્રવાસીઓમાં જે વ્યવસ્થા થાય તેમાં પરત ફરી જવાનો માહોલ રહ્યો છે અને સૌદર્યથી ભરપુર કાશ્મીર સુમસામ ભાસવા લાગ્યુ છે.

## પહેલગામ હુમલાનાં વિરોધમાં આવતીકાલે દિલ્હી બંધનું એલાન

**મુખ્ય સમાચાર, નવી દિલ્હી**

કાશ્મીરનાં પહેલગામમાં ભયાનક આતંકવાદી હુમલા સામે દેશભરમાં આક્રોશ ફાટી નીકળ્યો છે ત્યારે તેના વિરોધમાં પાટનગર દિલ્હીના વેપાર ઉદ્યોગકારો દ્વારા તા.૨૫ એપ્રિલ આવતીકાલે દિલ્હી બંધનુ એલાન આપ્યું છે.

વેપાર પછી દેશ પહેલાનો ધર્મ સમજીને બંધની જાહેરાત કરવામાં આવી છે.આતંકવાદીઓએ પ્રવાસીઓ પર નહીં પરંતુ ભારત દેશ પર હુમલો કર્યાનો રોષ દર્શાવવામાં આવ્યો છે.

દિલ્હી મહાસંઘ દ્વારા પહેલગામમાં આતંકવાદીઓએ પ્રવાસીની કરેલી નિર્દયી હત્યા સામે આક્રોશ દર્શાવ્યો હતો. સંસ્થાના પ્રમુખ દેવરાજ વનેજા તથા ઉપપ્રમુખ રાજેન્દ્રકપુરે કહ્યું કે પાટનગરનાં તમામ વેપારી સંગઠનો સાથે સંકલન કરીને સર્વસંમતિથી આ નિર્ણય લેવામાં આવ્યો છે. તમામ વેપાર-ઉદ્યોગકારો સ્વૈચ્છીક રીતે કારોબાર બંધ રાખશે.

દેશનાં રાષ્ટ્રીય વ્યાપારી સંગઠન એવા કન્ફેડરેશન ઓફ ઓલ ઈન્ડીયા ટ્રેડર્સ દ્વારા પણ ટેરર એટેકને વખોડી કાઢવામાં આવ્યો હતો અને મૃતકો-ઘાયલો પ્રત્યે સંવેદના દર્શાવવામાં આવી હતી.

ફેડરેશનના મહામંત્રી અને સંસદ પ્રવિણ ખંડેલવાલે કહ્યું કે દિલ્હી સહિત દેશભરનાં વેપારીઓ, ધંધા-રોજગારને અટકાવીને હતભાગીઓનાં પરિવાર સાથે ખભ્ભેખભા મિલાવીને ઉભા રહેવા તૈયાર છે.

## ઉધમપુરમાં આતંકવાદીઓ સાથેની અથડામણમાં સેનાનો જવાન શહીદ

પહેલગામ આતંકી હુમલા બાદ સુરક્ષાદળો દ્વારા આતંકીઓ સામે અભિયાન જારી

**મુખ્ય સમાચાર, ઉધમપુર**

પહેલગામ આતંકી હુમલા બાદ જમ્મુ કાશ્મીરમાં સુરક્ષા દળોની આતંકીઓ સાથે વધુ એક અથડામણ ચાલી રહી છે. જેમાં સુરક્ષા દળનો એક જવાન શહીદ થયાના ખબર છે.

પહેલગામમાં દર્દનાક આતંકી હુમલા બાદ ભારતના સુરક્ષા દળોએ આતંકવાદીઓને વીણી વીણીને ઠાર કરવા અભિયાન હાથ ધર્યું છે. જે દરમિયાન ઉધમપુર જિલ્લાના ડુડુ-બસંતગઢ વિસ્તારમાં આજે સવારે આતંકીઓ અને સુરક્ષા દળો વચ્ચે અથડામણ શરૂ થઈ હતી.

આ સામસામા ગોળીબાર દરમિયાન સુરક્ષા દળનો એક જવાન શહીદ થયાના ખબર છે. સૂત્રોનું કહેવું છે કે આ



આતંકીઓએ મોટા સમૂહના ભાગ શકે છે. હાલમાં જ આતંરરાષ્ટ્રીય સીમા પાર કરીને આવ્યા હતા.

## પાક.ના ત્રણેય લશ્કરી એટેચીને ભારત છોડવા આદેશ

**મુખ્ય સમાચાર, નવી દિલ્હી**

પહેલગામ હુમલાના પગલે ગઈકાલે મળેલી સુરક્ષા બાબતોની કેબીનેટ કમીટીની બેઠકમાં પાકિસ્તાન સામે શરુ થયેલા એકશનમાં એક તરફ સિંધુ પાણી સમજુતી રદ થઈ છે અને તેથી કાશ્મીરમાંથી પાકમાં વહેતી નદીઓના પાણી રોકી દેવાશે.

જેથી પાકના પંજાબમાં આગામી દિવસોમાં પાણી, કૃષી વિ. માટે મોટી સમસ્યા સર્જાશે તો બીજી તરફ વાઘા બોર્ડર પણ સીલ કરતા અને ભારતમાં રહેલા પાક નાગરિકોને તાત્કાલીક દેશ છોડવા જણાવાયુ છે. ભારત સરકારે પાક દૂતાવાસને પણ



તેના એકશનની પિડા થાય તે નિશ્ચિત કર્યુ છે તથા દિલ્હીમાં પાક દૂતાવાસ ન ડિફેન્સ, નૌકા તથા એર એડવાઈઝરને ભારતીય પર્સોના નોન ગ્રાટા અનિચ્છનીય વ્યક્તિ તરીકે જાહેર કરી તેઓને દેશ છોડવા જણાવાયુ છે.

તો ભારતે પાકના એકશન પુર્વે જ ઈસ્લામાબાદમાં રહેલા ભારતના આ જ દરજજાના અધિકારીઓને પરત બોલાવી લીધા છે. રસપ્રદ રીતે પાકના આ મીલીટ્રી એટેચી સહિતના અધિકારીઓને બિસ્તરા પોટલા બાંધવા કહેવા માટે અડધી રાતના દિલ્હીમાં પાક દૂતાવાસમાં સર્વોચ્ચ અધિકારી સાદ અહમદને વિદેશ મંત્રાલયે બોલાવાયા હતા અને આ આદેશ પકડાવી દેવાયો હતો.

તો વાઘા-પટ્ટારી સરહદ તાત્કાલીક અસરથી બંધ કરવામાં આવી છે અને જે પાક નાગરિકો હાલ ભારતમાં છે તેઓને ૧ મે સુધીમાં આ સરહદથી પરત જવાનુ રહેશે તો અગાઉ ઈસ્યુ કરેલા સાર્ક સહિતના વિસા હાલ સસ્પેન્ડ કરાયા છે. બન્ને દેશના દૂતાવાસમાં હાલ ૫૫ નો સ્ટાફ છે તે ઘટાડીને ૧ માસમાં ૩૦ના કરાશે.

# વાંકાનેર કોઠી આરોગ્ય કેન્દ્ર ખાતે કેન્સર સ્ક્રીનીંગ કેમ્પ યોજાયો

### GCRI અમદાવાદ અને સૌરાષ્ટ્ર કેન્સર કેરના સહયોગથી યોજાયેલા કેમ્પમાં ૧૪૨ દર્દીઓનું નિદાન

**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબી જીલ્લા વિકાસ અધિકારી અને મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારીના માર્ગદર્શન હેઠળ વાંકાનેરના કોઠી આરોગ્ય કેન્દ્ર ખાતે કેન્સર સ્ક્રીનીંગ કેમ્પ યોજાયો હતો. GCRI અને સૌરાષ્ટ્ર કેન્સર કેરના નિષ્ણાંત તબીબોની ટીમ દ્વારા ઓરલ, બ્રેસ્ટ અને સર્વાઈકલ કેન્સર સહિત કુલ ૧૪૨ દર્દીઓનું નિદાન કરવામાં આવ્યું હતું. જેમાંથી ૯ દર્દીઓને આગળની સારવાર માટે રિફર કરવામાં આવ્યા હતા.

વાંકાનેર તાલુકાના કોઠી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે કેન્સરનાં નિદાન અને જાગૃતિ માટે વિશેષ સ્ક્રીનીંગ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પનું આયોજન જીલ્લા વિકાસ અધિકારી મોરબી તથા મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારીના માર્ગદર્શન હેઠળ, તાલુકા હેલ્થ કચેરી વાંકાનેર, GCRI અમદાવાદ અને સૌરાષ્ટ્ર કેન્સર કેર રાજકોટના સહયોગથી કરવામાં આવ્યું હતું. કેમ્પનું ઉદઘાટન જીલ્લા પંચાયત આરોગ્ય સમિતિના ચેરમેન શ્રીમતી સરોજબેન વાઘજીભાઈ, સભ્ય નવઘણભાઈ મેઘાણી અને અશ્વિનભાઈ મેઘાણીના હસ્તે દીપ પ્રાગટ્ય કરીને કરવામાં આવ્યું હતું. તેમણે લોકોમાં કેન્સર અંગે જાગૃતિ ફેલાવવાનો આગ્રહ વ્યક્ત કર્યો અને કેમ્પનો લાભ લેવા માટે અપીલ કરી હતી.

કેમ્પ દરમિયાન ઓરલ કેન્સર માટે ૪૨, બ્રેસ્ટ કેન્સર માટે ૪૦, સર્વાઈકલ કેન્સર માટે ૧૯ અને અન્ય વિવિધ કારણોસર ૪૧ દર્દીઓનું નિદાન કરવામાં આવ્યું હતું. સ્ક્રીનીંગ પરિણામે કુલ ૯ દર્દીઓને વધુ સારવાર માટે રિફર કરાયા અને સર્વાઈકલ કેન્સર સંદર્ભે નમૂનાઓ પણ લેવામાં આવ્યા હતા. આ સફળ કાર્યક્રમમાં આરોગ્ય વિભાગના અધિક જીલ્લા આરોગ્ય અધિકારી ડો. સંજય શાહ, જીલ્લા IEC અધિકારી સંઘાણીભાઈ, NCD DPC ડો. ગૌરવ બારોટ, THO વાંકાનેર ડો. શેરશીયા, મેડિકલ ઓફિસર ડો. સાહિસ્તા કડીવાર, સુપરવાઈઝર માથકીયાભાઈ અને કોઠી આરોગ્ય કેન્દ્રના તમામ કર્મચારીઓએ જહેમત ઉઠાવી હતી.

# મોરબી કાલીકા પ્લોટમાં આવેલ ખંડેર મકાનમાંથી ઇંગ્લીંશ દારૂની ૯૬ બોટલ ઝડપાઇ

### ૫૬,૮૯૨નો મુદામાલ પકડી પાડતી લોકલ ક્રાઇમ બ્રાંચ

**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબીના કાલિકા પ્લોટ વિસ્તારમાં સાયન્ટિફિક મેઈન રોડ ખાતે આવેલ બંધ ખંઢેર મકાનમાં અજાણ્યા ઈસમ દ્વારા વિદેશી દારૂનો જથ્થો છુપાવીને રાખ્યો હોવાની પૂર્વ બાતમીને આધારે ક્રાઇમ બ્રાંચ તથા પેરોલ ફર્લો સ્ક્વોડ દ્વારા દરોડો પાડતા, સ્થળ ઉપરથી વિદેશી દારૂની વિવિધ બ્રાન્ડની કુલ ૯૬ નંગ બોટલ મળી આવી હતી, આ સાથે પોલીસે વિદેશી દારૂનો જથ્થો કબ્જે લઈ, સીટી એ ડિવિઝન પોલીસ મથકે અજાણ્યા આરોપી વિરુદ્ધ ગુનો નોંધાવી, આરોપીને પકડી લેવા તપાસ શરૂ કરી છે.

મોરબી એલ.સી.બી./ પેરોલ ફર્લો સ્કવોડ ટીમ પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન એલ.સી.બી.ના શક્તિસિંહ ઝાલા, ભાવેશકુમાર મિયાત્રા તથા ભગીરથસિંહ ઝાલાને સયુંકતમાં ખાનગીરાહે હકિકત મળેલ કે, કાલીકા પલોટમાં સાયન્ટીફીક મેઇન રોડ ઉપર આઝાદ ચોકમાં એક બંધ મકાનમાં કોઇ અજાણ્યા ઇસમે વિદેશી દારૂનો જથ્થો વેચાણ કરવા રાખેલ છે તેવી ચોકકસ અને ભરોસાપાત્ર હકીકત મળેલ હોય જે હકીકત આધારે રેઇડ કરતા, બંધ મકાનમાંથી વિદેશી દારૂની અલગ અલગ બ્રાન્ડની ૭૫૦મીલી.ની ૯૬ બોટલ કિ.રૂ.૫૬,૮૯૨/- મળી આવી હતી. આથી પોલીસે આરોપી અજાણ્યા ઇસમ વિરુધ્ધ પ્રોહીબીશન ધારા તળે ગુનો નોંધી આગળની ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે. કરેલ છે.

# મોરબી મ્યુનિસિપલ કમિશનરની અધ્યક્ષતામાં ફ્લોરા પામ્સ રેસીડેન્ટ બિલ્ડીંગમાં મોકડ્રીલ યોજાઈ

**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબી મહાનગરપાલિકા અગ્નિશમન શાખા દ્વારા ફ્લોરા પામ્સ રેસીડેન્ટ બિલ્ડીંગ ખાતે ૨૨ એપ્રિલના રોજ રાત્રે મોકડ્રીલનું આયોજન કરવામાં આવ્યું હતું. આગ લાગવાની ઘટનાને આધારે ફાયર, પોલીસ અને અન્ય સંસ્થાઓ દ્વારા તાત્કાલિક પ્રતિક્રિયા આપવામાં આવી હતી. સાથે સાથે સ્થાનિકોને અગ્નિસુરક્ષા અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

મોરબી મહાનગરપાલિકા દ્વારા શહેરના રહેવાસીઓને આગ જેવી આપત્તિ સમયે કેવી રીતે સજાગ રહેવું અને ફાયર સેફ્ટી સિસ્ટમનો યોગ્ય ઉપયોગ કેવી રીતે કરવો તે અંગે જાગૃતિ ફેલાવવા માટે તા.૨૨ એપ્રિલના રોજ રાત્રે ફ્લોરા પામ્સ રેસિડેન્ટ બિલ્ડીંગ, ડી માર્ટની બાજુમાં, મોરબી ખાતે મોકડ્રીલનું આયોજન કરવામાં આવ્યું હતું.

જેમાં ૦૯:૦૫ કલાકે આગ લાગવાની જાણ થતા ૧૦ મિનીટની અંદર જીએસપીસી, ફાયર, પોલીસની ટીમ ઘટના સ્થળ પર હાજર થયા બાદ આ ઘટનાને મોકડ્રીલ જાહેર કરવામાં આવી હતી. મોકડ્રીલમાં મ્યુનીસીપલ કમિશનર સ્વપનીલ ખરે અને ડેપ્યુટી કમિશનર કુલદીપસિંહ વાળા સહીતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. તેમજ સ્થાનિકોને આગ લાગે ત્યારે શું પગલા લેવા અને આગ ન લાગે તે માટે કેવી તકેદારી રાખવી તેમજ રેસીડેન્ટ બિલ્ડીંગમાં લાગેલ ફાયર સીસ્ટમનો કઈ રીતે અસરકારક તરીકે ઉપયોગ કરવો તે અંગેનું માર્ગદર્શન રાત્રી સંવાદ કાર્યક્રમ થકી આપવામાં આવ્યું હતું.

આ મોકડ્રીલનો મુખ્ય ઉદેશ્ય, મોરબી શહેરમાં આગ લાગવાની આવી કોઈ ઘટના બને તો સરકારી વિભાગોની સતર્કતા તપાસવા તેમજ સ્થાનિકોની સલામતી માટે તથા કોઈ પણ ઈમરજન્સી વખતે તાત્કાલિક ધોરણે અગ્નિશમન શાખાનો સંપર્ક કરી નાની-મોટી દુર્ઘટના અથવા કોઈ જાન-હાનિ કે પછી કોઈ મોટી આપદાને નિવારી શકાય અને જાન-માલને બચાવી શકાય. વધુમાં, લોકોને આવી કોઈ દુર્ઘટના સમયે મોરબી ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસ-૦૨૮૨૨ ૨૩૦૦૫૦ અને ૧૦૧ પર સંપર્ક કરવા અનુરોધ કરવામાં આવ્યો હતો.

# મોરબીમાં બચુબાપાની અન્નપૂર્ણા હોટલમાં બે ગુંડાતત્વોએ ઘૂસીને તોડફોડ કરી ધમકી આપી: પોલીસ ફરીયાદ નોંધાઈ

■ ગરીબોને ભોજન આપતા બચુબાપાને છરી બતાવી જાનથી મારી નાખવાની ધમકી



**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબીના રેલ્વે સ્ટેશન રોડ ખાતે આવેલી બચુબાપાની અન્નપૂર્ણા હોટલની જગ્યાએ બે આવરાતત્વોએ ઘૂસી જઈને બટાકા-મરચાં ફેંકી દઈ નુકસાન કરી, બચુબાપાને અપશબ્દો આપી છરી બતાવી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી, ત્યારે સમગ્ર બનાવ મામલે બચુબાપાની ફરિયાદને આધારે પોલીસે બંને આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. અત્રે ઉલ્લેખનીય છે કે હાલ બન્ને આરોપીઓની સીટી એ ડિવિઝન પોલીસ દ્વારા અટક કરી લીધાનું જાણવા મળ્યું છે.

મોરબી શહેરના રેલ્વે સ્ટેશન રોડ પર આવેલ વર્ષોથી અન્નપૂર્ણા હોટલ ચલાવતા ૮૧ વર્ષના બચુભાઇ ઉર્ફે બચુબાપા ગામી જે ગરીબોને ભોજન કરાવવાનું સેવા કાર્ય કરે છે, ત્યારે તેમની આ હોટલની જગ્યાએ બે આવારા-લુખ્ખા તત્વો મુસ્તાક ફતેમહમદ કટીયા રહે. મોરબી રણછોડનગર તથા એઝાઝ મુસ્લિમ રહે. મોરબી લાયન્સનગર વાળા એમ બન્નેએ આવી તેમની હોટલમાં તોડફોડ કરી છરી બતાવી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાનો બનાવ સામે આવ્યો હતો.

જેમાં હોટલમાં કામ કરતા નસીમબેન અને બચુબાપા પાણી ભરી રહ્યા હતા ત્યારે, પાસે આવેલી ચાની હોટલ પાસે મુસ્તાક ફતેમહમદ કટિયા અને એઝાઝ ઉભા હતા. ત્યાં નસીમબેન સાથે બોલાચાલી કરતા હતા. જે બાદ બંને ગુંડાતત્વો હોટલની જગ્યાએ આવી નસીમબેનને કહેતા હતા કે રૂપિયા આપવા પડશે અને બચુબાપાને પતાવી દેવાના છે, એમ કહી હોટલમાં રાખેલ મરચા-બટેકા ફેંકી દઈ નુકસાની કરી ધમકી આપતા હોય ત્યારે બચુબાપા ત્યાં આવી જતા, તેમને બન્ને ઇસમોને પોલીસને ફરિયાદ કરવાની વાત કરતા, બન્ને ઈસમો એકદમ ઉશ્કેરાઈ બચુબાપાને ગાળો આપી છરી બતાવી ધમકી આપી કે પોલીસ ફરિયાદ કરી તો ''જાનથી મારી નાખીશ''. જે બાદ તુરંત બચુબાપાએ પોલીસ ફરિયાદ કરતા, પોલીસે બન્ને આરોપીઓ વિરુદ્ધ ગુનો દાખલ કરી આગળની ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.


# મોરબી કાલીકા પ્લોટમાં આવેલ ખડેર મકાનમાંથી ઇંગ્લીંશ દારૂની ૯૬ બોટલ ઝડપાઇ

### ૫૬,૮૯૨નો મુદામાલ પકડી પાડતી લોકલ ક્રાઇમ બ્રાંચ

**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબીના કાલિકા પ્લોટ વિસ્તારમાં સાયન્ટિફિક મેઈન રોડ ખાતે આવેલ બંધ ખંઢેર મકાનમાં અજાણ્યા ઈસમ દ્વારા વિદેશી દારૂનો જથ્થો છુપાવીને રાખ્યો હોવાની પૂર્વ બાતમીને આધારે ક્રાઇમ બ્રાંચ તથા પેરોલ ફર્લો સ્ક્વોડ દ્વારા દરોડો પાડતા, સ્થળ ઉપરથી વિદેશી દારૂની વિવિધ બ્રાન્ડની કુલ ૯૬ નંગ બોટલ મળી આવી હતી, આ સાથે પોલીસે વિદેશી દારૂનો જથ્થો કબ્જે લઈ, સીટી એ ડિવિઝન પોલીસ મથકે અજાણ્યા આરોપી વિરુદ્ધ ગુનો નોંધાવી, આરોપીને પકડી લેવા તપાસ શરૂ કરી છે. મોરબી એલ.સી.બી./ પેરોલ ફર્લો સ્કવોડ ટીમ પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન એલ.સી.બી.ના શક્તિસિંહ ઝાલા, ભાવેશકુમાર મિયાત્રા તથા ભગીરથસિંહ ઝાલાને સયુંકતમાં ખાનગીરાહે હકિકત મળેલ કે, કાલીકા પલોટમાં સાયન્ટીફીક મેઇન રોડ ઉપર આઝાદ ચોકમાં એક બંધ મકાનમાં કોઇ અજાણ્યા ઇસમે વિદેશી દારૂનો જથ્થો વેચાણ કરવા રાખેલ છે તેવી ચોકકસ અને ભરોસાપાત્ર હકીકત મળેલ હોય જે હકીકત આધારે રેઇડ કરતા, બંધ મકાનમાંથી વિદેશી દારૂની અલગ અલગ બ્રાન્ડની ૭૫૦મીલી.ની ૯૬ બોટલ કિ.રૂ.૫૬,૮૯૨/- મળી આવી હતી. આથી પોલીસે આરોપી અજાણ્યા ઇસમ વિરુધ્ધ પ્રોહીબીશન ધારા તળે ગુનો નોંધી આગળની ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે. કરેલ છે.


# મોરબી મનપા દ્વારા ફાયર વિક દરમિયાન વિવિધ સંસ્થાઓમાં ફાયર પ્રિવેન્શનની ટ્રેનિંગ અને જાગૃતિ અભિયાન

### હોસ્પિટલ, હોટેલ, મોલ અને રહેણાંક વિસ્તારોમાં ૧૭૨ જેટલા લોકોને ફાયર સેફટી અંગે તાલીમ આપવામાં આવી

**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબી મહાનગરપાલિકાની અગ્નિશમન શાખા દ્વારા તા. ૧૪થી ૨૧ એપ્રિલ દરમિયાન ફાયર સેફટી વિક ની ઉજવણી કરાઈ હતી. આ દરમિયાન હોસ્પિટલ, હોટેલ, મોલ અને રહેવાસીઓને ફાયર પ્રિવેન્શન અંગે તાલીમ અપાઈ હતી. આ સાથે શાળાઓના ફાયર સેફટી સર્ટિફિકેટની ચકાસણી અને આગના બનાવોમાં ઝડપી કાર્યવાહી થકી જનજાગૃતિ લાવવામાં આવી હતી.

મોરબી મહાનગરપાલિકાની અગ્નિશમન શાખા દ્વારા ફાયર સેફટી વિક અંતર્ગત તા. ૧૪ એપ્રિલ ૨૦૨૫ થી ૨૧ એપ્રિલ ૨૦૨૫ દરમિયાન શહેરમાં વિવિધ પ્રકારની ફાયર પ્રિવેન્શન અને જાગૃતિ પ્રવૃત્તિઓ યોજાઈ હતી. શહેરની ૦૪ હોસ્પિટલોમાં ૩૪ હેલ્થકેર સ્ટાફને, ૦૪ હોટેલના ૪૮ સ્ટાફને, ૦૪ કમર્શિયલ મોલના કર્મચારીઓને અને ૦૩ રહેણાંક બિલ્ડીંગના ૯૦ રહેવાસીઓને ફાયર સલામતી માટે વિશેષ તાલીમ આપવામાં આવી હતી.

ફાયર પ્રિવેન્શન અભિયાનના ભાગરૂપે શહેરની શાળાઓના ફાયર સેફટી સર્ટિફિકેટની ચકાસણી કરવામાં આવી અને જ્યાં જરૂરી હતું ત્યાં નોટિસ ફટકારવામાં આવી હતી. સાથે જ અગ્નિ સુરક્ષા બાબતે સૂચનો તથા માર્ગદર્શિકા પણ આપવામાં આવી હતી. આ સમયગાળામાં મોરબી જીલ્લામાં કુલ ૬ આગની ઘટનાઓ નોંધાઈ હતી જેમાં ફાયર બ્રિગેડના જવાનો ઘટનાસ્થળે તરત પહોંચીને આગ પર કાબુ મેળવ્યો હતો. રાત્રિ સંવાદ કાર્યક્રમ દ્વારા નાગરિકોને ફાયર સેફટીના વિવિધ પાસાઓ અંગે સમજ આપવામાં આવી અને ફાયર બ્રિગેડની કામગીરી વિશે માહિતી આપવામાં આવી.

આ સમગ્ર અભિયાનનો મુખ્ય ઉદ્દેશ લોકોમાં આગ અંગે જાગૃતિ ફેલાવવી, ઈમરજન્સી સમયે તાત્કાલિક પ્રતિસાદ આપવો અને ફાયર સાધનોનો યોગ્ય ઉપયોગ અંગે તાલીમ આપવકનો છે. શીખવાડવાનો છે. શહેરવાસીઓને કોઈપણ આગના બનાવ કે ઈમરજન્સી દરમિયાન મોરબી ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસ ૦૨૮૨૨-૨૩૦૦૫૦ અથવા ૧૦૧ પર તાત્કાલિક સંપર્ક કરવા અનુરોધ કર્યો છે.

# જામનગરના કારખાનામાં કામ કરતા કારીગરનું કરતુ ૯ મહિનામાં કટકે-કટકે ૧૦.૬૫ લાખના માલ સામાન ચોરી

**મુખ્ય સમાચાર,જામનગર**

જામનગરમાં શંકર ટેકરી ઉદ્યોગ નગર વિસ્તારમાં આવેલા એક કારખાનામાં કામ કરતો કારીગર ખુદ ચોર નીકળ્યો છે. જેણે પોતાના કારખાનેદારને જ ચુનો લગાવ્યો છે, અને છેલ્લા નવ મહિનાના સમયગાળા દરમિયાન કટકે કટકે કારખાનામાંથી રૂપિયા ૧૦,૬૫,૦૦૦ નો પિત્તળનો માલ સામાન ચોરી છુપીથી ઉપાડી ગયો હોવાની ફરિયાદ પોલીસમાં નોંધાવાઇ છે.આ ફરિયાદ અંગેના બનાવની વિગત એવી છે કે જામનગરમાં ગુલાબ નગર વિસ્તારમાં રહેતા અને શંકર ટેકરી ઉદ્યોગ નગર વિસ્તારમાં વી નાઈન મશીન પ્રાઈવેટ લિમિટેડ નામનું કારખાનું ધરાવતા દેવેન્દ્રભાઈ રતિભાઈ પણસારા નામના કારખાનેદારે પોતાના કારખાનામાંથી છેલ્લા નવ મહિનાના સમયગાળા દરમિયાન પોતાનાજ કારખાનામાં જ કામ કરતો રાહુલ નરેશભાઈ કછેટીયા નામનો શખ્સ પિત્તળનો માલ સામાન કટકે કટકે ચોરી કરી લઈ ગયાની ફરિયાદ સીટી સી. ડિવિઝન પોલીસ મથકમાં નોંધાવી છે.પોલીસ ફરિયાદમાં જાહેર કરાયા અનુસાર ફરિયાદી દેવેન્દ્રભાઈના કારખાનામાં આરોપી રાહુલ કછેટીયા છેલ્લા ચાર વર્ષથી નોકરી કરતો હતો, અને તેના ઉપર માલીક દ્વારા પૂરો ભરોસો રાખવામાં આવ્યો હતો.પરંતુ ગત તા.૧.૮.૨૦૨૪ થી તેની નજર બગડી હતી અને પોતાના જ કારખાનામાંથી કટકે કટકે પિત્તળના માલ સામાનની ચોરી કરવાનું શરૂ કરી દીધું હતું, જેણે ગઈકાલ સુધી નવ મહિનાના સમયગાળા દરમિયાન અંદાજે ૨,૧૩૦ કિલો વજનનો માલ સામાન ચોરી કરી લીધો હોવાનું ધ્યાનમાં આવ્યું હતું. જેની કુલ કિંમત ૧૦,૬૫૦ થાય છે જે માલ સામાનની ચોરી અંગે પોલીસ ફરિયાદ નોંધાવ્યા બાદ પોલીસની ટીમ કારખાને દોડી ગઈ હતી અને સમગ્ર મામલામાં ઊંડાણપૂર્વકની તપાસ શરૂ કરી છે. પોલીસ દ્વારા કારખાનામાં કામ કરતા રાહુલ કછેટીયાને અટકાયતમાં લઈ દેવાયો છે અને તેની ઘનિષ્ઠ પૂછપરછ શરૂ કરી દેવામાં આવી છે.

# મોરબીના આમરણ ગામે જુગાર રમતા ચાર ઇસમોને પકડી લેતી ક્રાઇમ બ્રાંચ

**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબી તાલુકાના આમરણ ગામે જાહેરમાં જુગાર રમતા ચાર ઇસમોને ગંજીપતાના પાના તથા રોકડા રૂપીયા- ૧૨૩૧૦/- ના મુદામાલ સાથે મોરબી ક્રાઇમ બ્રાંચ દ્વારા પકડી લઈ તમામ વિરુદ્ધ તાલુકા પોલીસ મથકમાં ગુનો નોંધાવી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

મોરબી ક્રાઇમ બ્રાંચ તથા પેરોલ ફર્લો સ્ક્વોડ ટીમને ખાનગીરાહે બાતમી મળેલ કે, આમરણ ગામમાં આવેલ દાવલશા-વાસની પાછળ બાવળની કાંટમાં વોકળાના કાંઠે અમુક ઇસમો ગંજીપતાના પાના અને પૈસા વતી પૈસાની હારજીતનો તીન



પતીનો જુગાર રમે છે, જેથી હકીકત વાળી જગ્યાએ જઇ રેઇડ કરતા જુગારની મજા માણી રહેલા ઈમતીયાજભાઇ જુનેશભાઇ તૈલી રહે.આમરણ ગામ, વલમજીભાઇ ભગવાનજીભાઇ અંબાણી રહે.નવા આમરણ ડાયમંડ નગર, બાબુલાલ વાઘજીભાઇ શેરશીયા રહે.નવા આમરણ ડાયમંડ નગર તથા રમેશકુમાર કેશવદાસ ચૌહાણ રહે. રહે.નવા આમરણ ડાયમંડ નગર વાળાને રોકડા રૂ. ૧૨,૩૧૦/- સાથે પકડી પાડી, આરોપીઓ સામે મોરબી તાલુકા પોલીસ સ્ટેશન ખાતે જુગારધારા મુજબની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

## ક્રાઇમ કોર્નર

### મોરબીના વાવડી રોડ ઉપર વિદેશી દારૂની એક બોટલ સાથે યુવક પકડાયો

મોરબી સીટી એ ડિવિઝન પોલીસ ટીમ વાવડી રોડ ઉપર નાઈટ રાઉન્ડ પેટ્રોલિંગમાં હોય તે દરમિયાન મીરા પાર્કના ગેટ પાસે જાહેરમાં વિદેશી દારૂ વાઈટ લેક વોડકાની એક બોટલ સાથે નીકળેલ આરોપી સાહિલભાઈ રફીકભાઈ સેડાત ઉવ.૧૯ રહે.મોરબી લાતી પ્લોટ શેરી નં.૧૪ વાળાની અટકાયત કરવામાં આવી હતી, આ સાથે પોલીસે આરોપી પાસેથી વિદેશી દારૂની એક બોટલ કિ.રૂ.૬૦૦/- કબ્જે લઈ તેની વિરુદ્ધ ગુનો રજી.કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

### મોરબીના ધરમપુર ગામ નજીક ૪૫ વર્ષીય આધેડનું મચ્છુ નદીમાં ડૂબી જતા મોત.

મોરબી તાલુકાના ઘુટુ ગામે રહેતા હસમુખભાઇ રાઘવજીભાઇ પરેચા ઉવ.૪૫ નું મચ્છુ નદીના પાણીમાં ડૂબી જતાં મોત નીપજ્યું હતું. જેમાં ગઈકાલ તા.૨૩/૦૪ ના રોજ તાલુકાના ધરમપુર ગામની સીમમાં હસમુખભાઈ પરેચાનો મૃતદેહ નદીના પાણીમાંથી બહાર કાઢવામાં આવ્યો હતો, હાલ તાલુકા પોલીસે મૃત્યુના બનાવ અંગે અ. મોતની નોંધ કરી, આગળની ઊંડાણપૂર્વકની તપાસની તજવીજ હાથ ધરી છે.

### મોરબીના ભડીયાદમાં વિન્ટેજ કારખાનામાં કોઈ કારણોસર શ્રમિકનું મૃત્યુ

મોરબીના ભડીયાદ ગામે આવેલ વિન્ટેજ કારખાનામાં રહેતા રામપ્રવેશ વીશ્વનાથ રાજભરનું ઉપરોક્ત કારખાનામાં જ કોઈ કારણોસર મૃત્યુ નીપજ્યું હતું, જેથી મૃતક રામપ્રવેશના મૃતદેહને પીએમ અર્થે મોરબી સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો, જ્યાં ફરજ પર હાજર ડોક્ટરે પોલીસને જાણ કરતા, પોલીસે સ્થળ ઉપર આવી મૃત્યુ અંગે પ્રાથમિક વિગતો મેળવી અ. મોતની એન્ટ્રી કરી આગળની ઘટિત કાર્યવાહી હાથ ધરી છે.

### વાંકાનેરના શક્તિપરામાંથી વિદેશી દારૂના ૫ ચપલા સાથે એક ઝડપાયો

વાંકાનેર ટાઉનમાં શક્તિપરા વિસ્તારમાં સિહોરી પાનની સામેથી આરોપી ગૌતમભાઇ નાનજીભાઇ ધામેચા ઉવ-૪૭ રહે-શકિતપરા હસનપર તા-વાંકાનેર વાળાને વાંકાનેર સીટી પોલીસ ટીમે વિદેશી દારૂના ૧૮૦મીલી.ની પાંચ નંગ બોટલ કિ.રૂ.૭૫૦/- સાથે ઝડપી લેવામાં આવ્યો છે, પોલીસે આરોપીની અટકાયત કરી તેની વિરુદ્ધ વાંકાનેર સીટી પોલીસ મથકમાં પ્રોહી.એક્ટ હેઠળ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

### માળીયા(મી)ના અંજીયાસર ગામ નજીક બાવળની કાંટમાંથી ૨૦૦ લીટર ઠંડા આથાનો જથ્થો ઝડપાયો, આરોપી ફરાર

માળીયા(મી) પોલીસે પૂર્વ બાતમીને આધારે જુના અંજીયાસર ગામ તરફ જવાના રસ્તે બાવળની કાંટમાં છુપાવેલ દેશી દારૂ બનાવવા ઉપયોગમાં લેવાતો ઠંડા આથાનો ૨૦૦ લીટર જેટલો જથ્થો ઝડપી લેવામાં આવ્યો છે, જ્યારે પોલીસની રેઇડ દરમિયાન આરોપી ફારૂક ફતેમામદભાઇ મોવર રહે.કાજરડા હાજર મળી ન આવતા, તેને ફરાર દર્શાવી પોલીસે આરોપી વિરુદ્ધ ગુનો નોંધી તેને પકડી લેવા આગળની તપાસ ચલાવી છે.

# મોરબીના આમરણ ગામે નજીવી બાબતે યુવાન પર હુમલો

**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબી તાલુકાના આમરણ ગામે રહેતા ફ્રૂટની લારીના વેપારી ઉપર નજીવી બાબતે હુમલો થયો હતો, જેમાં રમજાન મહિનામાં ગરીબો માટેની કરીયાણાની કીટ બાબતે કરવામાં આવેલ ટિપ્પણીનો ખાર રાખી વિપરી યુવકને ગાળો આપી લાકડાના ધોકા વડે અને ઢીકાપાટુનો માર મારવામાં આવ્યો હતો, ત્યારે વેપારી યુવકે પોતાના ઉપર થયેલ હુમલા બાબતે ગામના જ એક શખ્સ વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

મોરબી તાલુકાના આમરણ ગામે દાવલશા વાસમાં રહેતા ઈકબાલ બાવ-ામિયા બુખારી ઉવ.૩૦ એ મોરબી સરકારી હોસ્પિટલના બિછાનેથી તાલુકા પોલીસ સમક્ષ આરોપી જાકીરમીયા રજાકમીયા બુખારી વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે, જે અનુસાર આરોપીના ભાઈ સરફરાજમીયાને રમજાન મહીનામાં ગરીબોને વેચવા માટેની કરીયાણાની કીટ આવેલ હોય તે બાબતે ફરીયાદી આરોપીના ભાઈની હલકાઈ કરતા હોય તે બાબતનો ખાર રાખી ગઈ તા.૨૨/૦૪ના રોજ રાત્રીના ફરિયાદી આમરણ ગામના બસ સ્ટેન્ડથી ધૂળકોટ જવાના રસ્તે ગોલાની લારીએ ગોલો ખાઈ રહ્યા હોય, ત્યારે આરોપીએ ફરીયાદીને ગાળો આપી ગાલ ઉપર લાફા મારી લાકડાના બડીકાથી માર માર્યો હતો, ત્યારે આ દરમિયાન આજુબાજુ લોકો ભેગા થઈ જતા, ફરિયાદીને વધુ મારથી છોડાવેલ, ત્યારે ફરિયાદીને થયેલ મૂંઢ ઇજાઓ સારવાર માટે મોરબી સરકારી હોસ્પિટલ ખાતે લાવવામાં આવ્યા હતા, હાલ પોલીસે ઉપરોક્ત આરોપી વિરુદ્ધ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# મોરબી ABVP દ્વારા આતંકવાદ સામે ઉગ્ર વિરોધ સાથે રેલી : જમ્મુ-કાશ્મીર હુમલાના સદ્ગતોને ભાવપૂર્વક શ્રદ્ધાંજલિ

**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબી ખાતે ABVP દ્વારા જમ્મુ કાશ્મીરના પહલગામમાં થયેલા આતંકી હુમલાની ભારે નિંદા સાથે પાકિસ્તાન અને આતંકવાદ વિરુદ્ધ ઉગ્ર સૂત્રોચારો સાથે વિરોધ પ્રદર્શન કરાયું હતું. આ સાથે હુમલામાં જીવ ગુમાવનાર સદગતોને શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી.

મોરબી શહેરમાં અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ (ABVP) દ્વારા જમ્મુ કાશ્મીરના પહલગામમાં થયેલા નિર્દોષ લોકો પરના આતંકી હુમલાની વિરોધમાં જનપ્રદર્શન યોજાયું હતું. ABVPના કાર્યકરો અને વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં જાહેર માર્ગો પર એકત્રિત થયા હતા અને ''આતંકવાદ મુર્દાબાદ'', ''પાકિસ્તાન મુર્દાબાદ'', ''દેશના ગદ્દારોને ગોળી મારો'' જેવા ઉગ્ર સૂત્રોચારો સાથે આતંકવાદ વિરુદ્ધ પોતાનો ગુસ્સો વ્યક્ત કર્યો હતો.

આ આતંકી હુમલામાં જીવ ગુમાવનાર નિર્દોષ લોકોને મોરબી અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ દ્વારા ભાવપૂર્વક શ્રધ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી.

# ટંકારા મંદિરમાં ચોરીના ગુનામાં ૧૩ વર્ષથી ફરાર આરોપીને મધ્યપ્રદેશથી દબોચી લેતી ક્રાઇમ બ્રાંચ

**મુખ્ય સમાચાર,મોરબી**

ટંકારા પોલીસ મથકમાં નોંધાયેલ મંદીરમાં ચોરીના ગુન્હામાં છેલ્લા ૧૩ વર્ષથી નાસતા ફરતા આરોપીને ક્રાઇમ બ્રાંચ તથા પેરોલ ફર્લો સ્ક્વોડ ટીમ દ્વારા મધ્યપ્રદેશ રાજયના અલીરાજપુર જીલ્લા ખાતેથી પકડી લઈ હસ્તગત કરવામાં આવ્યો હતો, આ સાથે પકડાયેલ આરોપીને આગળની કાર્યવાહી માટે ટંકારા પોલીસ મથકમાં સોંપી આપેલ હતો.

મોરબી જીલ્લા પોલીસ અધિક્ષક રાહુલ ત્રિપાઠીએ નાસતા ફરતા આરોપીઓને પકડી પાડવા ખાસ ઝુંબેશનુ આયોજન કરેલ હોય, જે ડ્રાઇવ દરમ્યાન વધુને વધુ નાસતા ફરતા આરોપીઓને પકડી પાડવા સુચના કરેલ હોય જે અન્વયે મોરબી એલ.સી.બી અને પેરોલ ફર્લો સ્ક્વોડ ટીમ કાર્યરત હોય તે દરમ્યાન પેરોલ ફર્લો સ્કવોડના જયેશભાઇ વાઘેલા તથા બ્રિજેશભાઇ કાસુન્દ્રાને સંયુક્તમા ખાનગીરાહે હકિકત મળેલ કે, ટંકારા પોલીસ મથકમાં વર્ષ ૨૦૧૨ માં નોંધાયેલ મંદિરમાં ચોરીના ગુનામાં નાસતો ફરતો આરોપી કમલેશ બુચા ડામોર (એમ.પી) વાળો હાલે મધ્યપ્રદેશ ખાતે તેના રહેણાંક મકાને હોવાની ચોકકસ અને ભરોસાપાત્ર હકીકત મળતા તુરંત જ એક ટીમ બનાવી મધ્યપ્રદેશ ખાતે મોકલવામાં આવી મળેલ હકીકત મુજબની જગ્યાએ તપાસ કરતા આરોપી કમલેશ બુચા ડામોર ઉવ.૩૩ રહે.સીયાલી બંગલા ફળીયા તા.જોબટ જી.અલીરાજપુર (એમ.પી) વાળો સીયાલી ગામ બંગલા ફળીયા ચોકડી ખાતેથી મળી આવ્યો હતો, જેથી આરોપીને પકડી પાડી હસ્તગત કરી આગળની ઘટીત કાર્યવાહી અર્થે ટંકારા પોલીસ સ્ટેશન ખાતે સોપી આપેલ છે.

# જામનગર PGVCLનાં સ્ટોરમાંથી સ્ક્રેપ ખરીદીમાં વજનમાં ગોલમાલ કરી ૪૧ લાખથી વધુની છેતરપીંડી કરવાનાં પ્રકરણમાં ૬ આરોપી ઝડપાયા




**મુખ્ય સમાચાર,જામનગર**

જામનગર દરેડ જી.આઇ.ડી.સી ફેસ-૨ વિશાલ વે-બ્રીજ કાંટાની સામે એપલ ગેઇટ-૨ P.G.V.C.L કચેરીની રિઝયોનલ સ્ટોર ઓફીસ (R.S.O) ખાતે આરોપી જય બાલાજી એન્ટરપ્રાઇઝ પ્રોપરાઇટર-મોરબી તથા મેલડી એન્ટરપ્રાઇઝના પ્રોપરાઇટર.મોરબી તથા બન્ને પેઢી દ્વારા માલ ભરવા માટે મોકલેલ માણસો દ્વારા અગાઉ થી પુર્વ આયોજીત કાવત્રુ રચી કાવતરાના ભાગ રૂપે વે-બ્રીઝની નિચે માણસ મોકલી તે માણસ દ્વારા વે-બ્રીઝ નિચે જેક મારી ખરેખર વજનમાં ઘટાડો કરાવી ફરીયાદી તથા સાહેદ નિસર્ગ સ્ટાર પેઢીના ધર્મેશભાઇ તથા રમેશભાઇને વિશ્વાસમા લઇ છેતરપીંડી કરી ફરીયાદીનો કુલ ૬૦,૮૯૨ કી.ગ્રા.નો સ્ક્રેપનો માલ ભરી જઇ તેની સામે વે-બ્રીઝના કાંટા પર ફરી.ને ૪૨,૬૫૦ કી.ગ્રા.ના સ્ક્રેપના માલ બતાવે તે રીતેની છેતરપીંડી કરી ફરી. સાથે કુલ ૧૮,૨૪૨ કી.ગ્રા. એલ્યુમીનીયમ સ્ક્રેપ જેની કીંમત રૂપીયા ૪૧,૬૮,૩૧૫ની ફરીયાદી તથા સાહેદોને વિશ્વાસમા લઇ છેત્તરપીડીનો ગુન્હો બનેલ હોય અને જે અંગે ફરી.નુરમામદભાઇ વલીમામાદભાઇ ખીરા રહે-જામનગર રણજીતસાગર નીલકંઠનગર બી.૪૯ ગાયત્રીમંદિરની સામે ની શેરી તા.જી.જામનગર મુળ લાખાબાવળ તા.જી.જામનગર વાળાએ સદર બનાવ અનુસંધાને ફરીયાદ આપતા પંચ બી ડીવી. પો.સ્ટે. પાર્ટ એગુ.ર.નં.૧૧૨૦૨૦૪૬૨૫૦૪૩૧.૨૦૨૫ બી.એન.એસ. એકટ.૨૦૨૩ ની કલમ.૩૧૮.૪.૬૧.૨ મુજબનો ગુન્હો તા.૧૯/૦૪/૨૦૨૫ કલાક.૨૧.૦૦ વાગ્યે દાખલ થયેલ.ઉપરોક્ત છેત્તરપીંડીના ગુન્હાના બનાવ અનુસંધાને છેત્તરપીંડી આચરનાર આરોપીઓની તથા મુદામાલની તપાસમા વી.જે.રાઠોડ પોલીસ ઈન્સ્પેક્ટર નાઓ તથા સાથેના પોલીસ સ્ટાફના માણસો પેટ્રોલીંગમા હતા દરમ્યાન અગાઉ એક અટક થયેલ આરોપીની પુછપરછ કરતા મળેલ માહીતી મુજબ સર્વેલન્સ સ્ટાફના પો.કોન્સ. ભયપાલસિંહ જાડેજા તથા જયપાલસિંહ જાડેજા નાઓએ સી.સી.ટી.વી. ફૂટેજ આધારે તપાસ કરતા સંયુક્ત હકીકત મળેલ કે, સદર ગુન્હાના બનાવમા છેત્તરપીંડી આચરનાર આરોપીઓ આઇસર ટ્રક નં.GJ-14-X-5838 સાથે મોરકંડા ગામના પાટીયા પેહલા આવેલ સિધ્ધેશ્વર મહાદેવના મંદિર પાસે ખુલ્લી જગ્યામા ટ્રક અંદર રાત્રી રોકાણ કરી ઉભેલ છે તેવી હકીકત આધારે તુરંત જ હકીકત વાળી જગ્યાએ જઈ તપાસ કરતા નીચે જણાવેલ નામ વાળા આરોપીઓ મળી આવેલ તેમજ તેઓની ઝડતી તપાસ દરમ્યાન છેત્તરપીંડી આચરેલ ગુન્હાના મુદામાલના વહેચાણના રોકડ રૂ.૪૧,૧૦,૦૦૦.તથા ગુન્હો આચરવામા ઉપયોગ લીધેલ ટ્રક નં.GJ-14-X-5838.કી.રૂ.૧૩,૦૦,૦૦૦. તથા અગાઉ અટક થયેલ આરોપી પાસેથી મળી આવેલ જેક કિ.રૂ.૧૫૦૦.મળી કુલ મુદામાલ કિ.રૂ.૫૪,૧૧,૫૦૦.ચોપ્પન લાખ અગીયાર હજાર પાચસો. મળી આવતા રોકડ રકમ તથા મુદામાલ કબ્જે કરી આરોપીઓને પકડી પાડી આગળની ઘટીત કાર્યવાહી કરવા તજવીજ કરેલ છે.પકડાયેલ આરોપી.આકાશ સ.ઓ ઘોઘાભાઇ ગગજીભાઇ કુંઢીયા ઉ.વ.૨૧ ધંધો.ભગારનો રહે.ભીમસર વાસ ત્રણ માળીયા, પાવર હાઉસની બાજુમા, વેજીટેબલ રોડ મોરબી

વિકાસ ઉર્ફે ગુલ્લુ સ.ઓ કિશોરભાઇ વેરશીભાઇ પનસારા ઉ.વ.૨૭ ધંધો.ભંગારનો વેપાર રહે.ભીમસર વાસ પાવર હાઉસની બાજુમા વેજીટેબલ રોડ મોરબી.અજય સ.ઓ કુવરજીભાઇ ભલુભાઇ વીકાણી ઉ.વ.૨૪ ધંધો.ભંગારનો વેપાર રહે.હાલ રહે.નવલખી રોડ લાઇસનગર સરમણીયા દાદાની બાજુની શેરી, પાણીના ટાંકા પાસે, મોરબી મુળ રહે. ભીમસર વાસ, મફતીયાપરા, અરુણા મારબલની બાજુમા વેજીટેબલ રોડ મોરબી.અર્જુન સ.ઓ રાજુભાઇ હેમુભાઇ ભોજવીયા ઉ.વ.૨૮ ધંધો.ભંગારનો વેપાર રહે.મહેન્દ્રનગર, મંગલમ ઇન્ડસ્ટ્રીઝ, કોસ્મો સીરામીકની બાજુમા પાવર હાઉસ પાસે મોરબી નિતેશ ઉર્ફે હિતેશ સઓ લાભુભાઇ રાયમલભાઇ કુંઢીયા ઉ.વ.૩૩ ધંધો.ભંગારનો વેપાર રહે.મહેન્દ્રનગર, ઇન્દીરાનગર, ખોડીયાર માતાના મંદીર પાસે, શેરી નં.૦૪, મોરબી.રોહીત ઉર્ફે રાહુલ સ.ઓ કુવરજીભાઇ ભલુભાઇ વીકાણી ઉ.વ.૨૨ ધંધો.ડ્રાઇવીંગ રહે.નવલખી રોડ લાઇસનગર સરમણીયા દાદાની બાજુની શેરી પાણીના ટાંકા પાસે મોરબી મુળ રહે. ભીમસર વાસ, મફતીયાપરા, અરુણા મારબલની બાજુમા, વેજીટેબલ રોડ મોરબી.કબ્જે કરેલ મુદામાલ રોકડ રૂ.૪૧,૧૦,૦૦૦.એકતાલીશ લાખ દસ હજાર. ટ્રક જેના રજી.નં.GJ-14-X-5838,કી.રૂ.૧૩,૦૦,૦૦૦.૩.લોખંડનો જેક તથા લોખંડનો ટુકડો ટોમી કિ.રૂ.૧૫૦૦.પકડાયેલ આરોપીઓની મોડેસ ઓપરેંડી આ કામેના આરોપીઓ ભંગારનો વેપાર કરતા હોય અને કોઇ પણ પેઢી.કંપનીનો ભંગારનો માલ વહેચાણ અર્થે રાખી તમામ આરોપીઓ મળી પુર્વ આયોજીત કાવતરૂ રચી ભંગારનો માલ ભરવા માટે પેઢી.ભંગારના વાડા ખાતે જઇ માલ ભરવા માટે તેમના માણસો તથા મજુરો મોકલતા હોય અને તે માણસો તથા મજુરો પોતાની ગાડી.ટ્રકમા માલ ભરાઇ ગયે ગાડી.ટ્રકનો વે-બ્રીજમા કાંટો કરાવવા માટે જાય તે પહેલા પુર્વ આયોજીત કાવરતાના ભાગ રૂપે અગાઉથી જ આરોપીઓ પૈકી કોઇ એક માણસ વહેલી સવારના વે-બ્રીઝ વજન કાંટાની નિચે મોકલી તે માણસ દ્વારા વે-બ્રીઝ.વજન કાંટા.નિચે લોખંડનો જેક મારી ગાડી.ટ્રકમા ભરેલ ભંગારના માલમા ખરેખર થતા વજનમાં ઘટાડો કરી છેત્તરપીંડી કરવાનો એમ.ઓ. ધરાવે છે.આ કાર્યવાહી પો.ઇન્સ. વી.જે.રાઠોડ તથા પો.હેડ કોન્સ.મેરૂભાઇ વી. ભુંડીયા તથા પો.કોન્સ. ભયપાલસિંહ એસ. જાડેજા, ખીમાભાઇ ડી. જોગલ, જયદિપસિંહ પી. જાડેજા, જયપાલસિંહ આર. જાડેજા તથા મેહુલભાઇ કે. વિસાણી, સંદીપસિંહ એચ. કટારીયા, પોલાભાઈ ડી. ઓડેદરા તથા રાજદીપસિંહ એમ. જાડેજા નાઓ દ્વારા કરવામા આવેલ.



## કશ્મીરના પહેલગામમાં આતંકવાદી ઘટનાના પગલે જામનગરમાં આક્રોશ




**મુખ્ય સમાચાર,જામનગર**

### જામનગરમાં લાગ્યા પાકિસ્તાન હાય..હાય ના નારા આતંકના પૂતળાનું કરાયું દહન

જામનગરમાં વિશ્વ હિન્દુ પરિસદ દ્વારા બેડીગેટ વિસ્તારમાં પહેલગાવ આતંકી હુમલાનો કરાયો વિરોધ, આતંકવાદના પૂતળાનું દહન કરી પાકિસ્તાન વિરુદ્ધ સુત્રોચાર કરાયા.જમ્મુ-કાશ્મીરના પહલગામમાં થયેલ આતંકવાદી હુમલામાં કેટલાક લોકો મૃત્યુ પામ્યા હતા. તો કેટલાક લોકો ઘાયલ થયા હતા. આ આતંકવાદી હુમલાને લઇ દેશભરમાં રોષની લાગણી ફેલાઇ છે. જામનગરમાં પણ વિરોધ પ્રદર્શન થયું હતું. સમસ્ત હિન્દુ સમાજ અને રાષ્ટ્રિય અસ્મિતા મંચ દ્વારા જામનગરના હવાઇચોક ખાતે આતંકવાદીઓના પૂતળાનું દહન કરી વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. જામનગરના મેયર વિનોદભાઈ ખીમસૂરીયા , શહેર ભાજપ પ્રમુખ બીનાબેન કોઠારી, પૂર્વ શહેર ભાજપ પ્રમુખ ડૉ. વિમલભાઇ કગથરા, હિન્દુ સેનાના સહિતના ઉપસ્થિત રહી વિરોધ પ્રદર્શન કર્યું હતું.આ ઉપરાંત વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા પણ જામનગરના બેડીગેઇટ ખાતે આંતકવાદીઓના પૂતળાનું દહન કરી વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. જેમાં વિશ્વ હિન્દુ પરિષદના અગ્રણીઓ.વિજય બાબરીયા અને કાર્યકરો જોડાયા હતા.

# માળિયા(મી)ના દહીસરા ગામે પાણીના વિવાદમાં બે જૂથો વચ્ચે હિંસક મારામારી, ૧૩ ઈજાગ્રસ્ત

**મુખ્ય સમાચાર,મોરબી**

### ધોકા, પાઈપ અને ધારીયા સાથે થયેલી સામસામે અથડામણમાં ઘાયલ થયેલા તમામને મોરબી સરકારી હોસ્પિટલમાં ખસેડાયા, પોલીસે તપાસ શરૂ કરી

માળિયા(મી) તાલુકાના દહીસરા ગામમાં પાણી મુદ્દે ઉગ્ર બનેલા વિવાદમાં બે જૂથો વચ્ચે હિંસક માર-મારીનું રૂપ ધારણ કર્યું હતું. ધોકા, પાઈપ અને ધારીયા જેવા હથિયારો વડે થયેલી મારામારીમાં કુલ ૧૩ જેટલા લોકો ઈજાગ્રસ્ત થયા હતા. ઈજાગ્રસ્તોને સારવાર અર્થે મોરબીની સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. પોલીસે ઘટનાની ગંભીરતાને ધ્યાને લઈને તપાસની કામગીરી શરૂ કરી છે.

માળિયા(મી)તાલુકાના દહીસરા ગામમાં પાણીના પ્રશ્નને લઈ બે જૂથો વચ્ચે ઉગ્ર વિવાદ થયો હતો જેમાં બંને પક્ષે હિંસક ઘર્ષણ સર્જાયું હતું. ઘટનાની શરૂઆતમાં એકબીજાને બોલાચાલી થયા બાદ, ધોકા, પાઈપ અને ધારીયા જેવા હથિયારો સાથે હુમલાઓ શરૂ થયા હતા. બંને પક્ષના લોકો સામસામે મારામારી કરતા ગામમાં તણાવભર્યું વાતાવરણ છ્વાઈ ગયું હતું.

મારામારીના આ બનાવમાં ઈજાગ્રસ્ત થયેલા મુખ્ય વ્યક્તિઓમાં અશોક હમીરભાઈ (ઉ.૩૧), હમીરભાઈ ભોજાભાઈ (ઉ.૬૫), વિજયભાઈ હમીરભાઈ (ઉ.૩૦), રમેશભાઈ કાનજીભાઈ (ઉ.૩૨), મુન્નાભાઈ હમીરભાઈ, જીતેન્દ્ર કાનજીભાઈ પરમાર, કાનજીભાઈ મનુભાઈ પરમાર (ઉ.૭૪), છગનભાઈ પરમાર (ઉ.૪૩), હર્ષદભાઈ પરમાર (ઉ.૧૬), નરેશભાઈ કાનજીભાઈ પરમાર (ઉ.૩૦), અને શામજીભાઈ શિવાભાઈ પરમાર (ઉ.૩૮) સહિત કુલ ૧૩ લોકોનો સમાવેશ થાય છે. ઘટનાની જાણ થતા માળિયા(મી) પોલીસ ઘટના સ્થળે દોડી આવી હતી અને તાત્કાલિક તમામ ઈજાગ્રસ્તોને મોરબી સરકારી હોસ્પિટલ ખસેડવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. હાલ પોલીસ સમગ્ર ઘટનામાં હુમલાનું કારણ અને અન્ય સંડોવાયેલા શખ્સોની શોધખોળ સહિતની તપાસ શરૂ કરી છે.

# જામનગર તાલુકા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ યોજાયો

**મુખ્ય સમાચાર,જામનગર**

જામનગર, જીલ્લા કલેકટર કેતન ઠક્કરના અધ્યક્ષ સ્થાને મામલતદાર કચેરી જામનગર ખાતે તાલુકા કક્ષાનો સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં કલેક્ટરએ અરજદારોને રૂબરૂ મળી તેઓના પ્રશ્નો સાંભળ્યા હતા અને તે પ્રશ્નોના નિરાકરણ અંગે જરૂરી ચર્ચા કરી લગત વિભાગોને યોગ્ય કાર્યવાહી કરવા સૂચનો આપ્યા હતા.તાલુકા સ્વાગતમાં અરજદારોના ૧૦ પ્રશ્નો પૈકી ૮ પ્રશ્નોનું હકારાત્મક નિરાકરણ આવ્યું હતું. જે પ્રશ્નોમાં કોર્પોરેશન વિસ્તારના રાજમોતી ટાઉનશીપમાં વરસાદી પાણી ભરાવાનો પ્રશ્ન, ગેર કાયદેસર બાંધકામ દુર કરાવવું, લાઈટબીલને લગત રજૂઆત, રસ્તાનું દબાણ દુર કરવા અંગે, ન્યુ જામનગર વિસ્તારમાં ભૂગર્ભ ગટરની સફાઈ અંગે, વેચાણ નોંધ કરાવવા બાબતનો પ્રશ્ન, નિરાધાર વૃદ્ધ સહાય મળવા બાબત, ગંગા સ્વરૂપા આર્થિક સહાય મળવા બાબત વગેરે બાબતોને લગતા પ્રશ્નો રજૂ કર્યા હતા જે પ્રશ્નોનું સ્થળ પર જ જરૂરી કાર્યવાહી કરી નિરાકરણ લવાયું હતું.અરજદારોના પ્રશ્નોના નિરાકરણ લાવવાની સાથે કલેક્ટર કેતન ઠક્કરે જાગૃત નાગરિક પ્રત્યેની જવાબદારી નિભાવવા બદલ અરજદારોને અભિનંદન પાઠવ્યા હતા આ ઉપરાંત વિવિધ સરકારી યોજનાકીય લાભો વિષે પણ જાણકારી આપી જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. જે બદલ અરજદારઓએ કલેકટરનો આભાર વ્યક્ત કર્યો હતો.આ કાર્યક્રમમાં શહેર પ્રાંત અધિકારી પ્રશાંત પરમાર સહીત તાલુકા સંકલનના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# બજરંગ દળ અને વિહિપ દ્વારા આતંકવાદીના પુતળાનું દહન






બે દિવસ પહેલા જમ્મુ-કાશ્મીરમાં પહેલગામમાં આતંકવાદીઓ દ્વારા નિર્દોષ ૨૬ લોકોને મોતને ઘાટ ઉતાર્યા બાદ તેના ઘેરા પડઘા સમગ્ર દેશમાં પડયા છે. આ કાયરતા ભર્યા કૃત્ય પર દેશભરમાંથી ફિટકાર વર્ષી રહ્યો છે. આજે રાજકોટમાં પણ બજરંગ દળ અને વિશ્વ હિન્દુ પરીષદ દ્વારા આતંકવાદીના પુતળાનું દહન કરી દેશ વિરોધી તત્વોને સબક શીખવાડવા આહવાન કરવામાં આવ્યું હતું. આ પુતળા દહન સમયે બજરંગ દળ અને વિહિપના અગ્રણીઓ અને કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

# શેરબજાર કરતાં સોનામાં નફો વધારે

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

શેરબજારમાં વધતી વોલેટિલિટી અને અનિશ્ચિતતાના કારણે સોનામાં રોકાણનું વલણ વધ્યું છે. આથી જ સોનું રોકાણકારો માટે પસંદગીની એસેટ બની ગયું છે. આંતરરાષ્ટ્રીય માર્કેટમાં છેલ્લાં એક વર્ષમાં સોનાનાં ભાવમાં લગભગ ૫૨ ટકાનો વધારો નોંધાયો છે.

જ્યારે આ સમયગાળા દરમિયાન અમેરિકાનાં બેન્ચમાર્ક સ્ટોક ઈન્ડેક્સ ડાઉ જોન્સ ઈન્ડસ્ટ્રીયલ એવરેજ (ડાઉ) ૦.૯ ટકા ઘટ્યા છે. છેલ્લા એક વર્ષમાં ભારતમાં સોનાના ભાવમાં ૩૮ ટકાનો વધારો થયો છે, જ્યારે બીએસઇ સેન્સેક્સમાં માત્ર ૬.૯ ટકાનો ઉછાળો નોંધાયો છે

# ઉના અકસ્માતના ગુન્હાની ઉંડાણપુર્વક તપાસ કરી જેના આરોપીને ગણતરી કલાકમા શોધી કાઢતી ઉના પોલીસ

**અબ્દુલ પઠાણ - ઉના ગીર સોમનાથ**

જુનાગઢ રેન્જ પોલીસ મહાનિરીક્ષકશ્રી નિલેશ જાજડીયા તથા પોલીસ અધિક્ષકશ્રી મનોહરસિંહ જાડેજા ગીર-સોમનાથ તથા નાયબ પોલીસ અધિક્ષક એમ.એફ.ચૌધરી ઉના વિભાગનાઓના દ્વારા ગુન્હાના અટકાવવા તેમજ પો.સ્ટે.વિસ્તારમા થયેલ ગુન્હાઓની ઉડાણ પુર્વક તપાસ કરી અને હકીકતના ગુન્હો શોધી અને નિષ્પક્ષ તપાસ કરી ખરા આરોપીને તાત્કાલિક પકડવાની સુચના કરેલ હોય.જે અનવ્યે ઉના પોલીસ સ્ટેશન, ગુ.ર.નં.૧૧૧૮૬૦૦૮૨૫૦૬૫૭/ ૨૦૨૫ બી.એન.એસ.કલમ ૧૦૬(૧), ૨૮૧, ૧૨૫(૧), ૧૨૫(૨), તથા એમ.વી.એકટ-૧૭૭,૧૮૪,૧૩૪ મુજબનો ગુન્હો તા.૨૧/૦૪/૨૫ ના કલાક ૧૧/૨૦ વાગ્યે રજી. થયેલ છે. અને આ ગુન્હાના કામે મરણજનાર ભરતગીરી ઉર્ફે ભારતગીરી પ્રભાતગીરી ગૌસ્વામી ઉ.વ.૫૬, રહે.વેલણ તા.કોડીનાર વાળાને કોઇ અજાણ્યા ઇકો ચાલકે અડફેટે લઇ મોત



નિપજાવેલની તેમના દિકરા મીતગીરી ભરતગીરી ઉર્ફ ભારતગીરી પ્રભાતગીરી ગૌસ્વામી બાવાજી ઉ.વ.૨૨ ધંધો ગેરેજકામ રહે.વેલણ તા.કોડીનાર જી.ગીર સોમનાથએ ફરીયાદ આપેલ હોય જે બનાવ શેરીના રસ્તા ઉપર બનેલ હોય જેથી પોલીસ ઇન્સ્પેકટર એમ.એન.રાણા એ સ્થળ વિઝિટ કરતા સદરહુ ગુન્હાના કામે મરણજનારના પરીવારજનો સત્ય હકીકત છુપાવતા હોય અને બનાવ કાંઇક બીજો બનેલ હોવાનુ પ્રાથમિક દ્રષ્ટી જણાય આવતા પોલીસ ઇન્સ્પેકટર એમ.એન.રાણાએ સદરહુ ગુન્હાની સત્ય હકીકત શોધી કાઢવા સુચના કરતા ઉના સર્વલન્સ ટીમ સદરહુ ગુન્હાની તપાસ કરતા હતા તે દરમ્યાન સર્વલન્સ સ્કોર્ડના ઇન્ચાર્જ એ.એસ.આઇ.શાંતિલાલ વેલાભાઇ સોલંકી તથા પો.કોન્સ.અનીલભાઇ ભુપતભાઇ જાદવ ને બાતમીરાહે હકીકત મળેલ કે, મરણજનાર ભરતગીરીને તેમના સાળા રોહીતગીરી ઉર્ફે રીકી બાબુગીરી ગોસ્વામી રહે.જી.ઇ.બી. સોસાયટી, આનંદવાડી પાસે, વેરાવળ રોડ, ઉનાવાળા સંયુક્ત પરિવાર સાથે તા.૨૦/૦૪/૨૦૨૫ ના રોજ કનકાઇ ફરવા માટે જતા હતા તે વખતે પોતાના વડીલોના ના કહેવા છ્તા તેણે કચરો જંગલમાં ફેકી ગુસ્સે થઇ રીસાઇ ગયેલ અને કાર નીચે ઉતરી ગયેલ હતા. અને ઉના મુકામે આવી અને ભરતગીરીને રોહીતગીરીએ પોતાના કબ્જાની મારૂતિ સુઝુકી ઇકો રજી. નંબર જી.જે. ૦૩ ઇ. કે.૨૬૩૯ નું મારંમાર અને પુરઝડપે ડ્રાઇવીંગ કરી ભરતગીરી રોડની વચ્ચે ઉભા હોય તેમને ઇકો કાર સામેથી અથડાવતા, ભરતગીરી રોડની વચ્ચે પડી ગયેલ અને ભરતગીરીને મારી નાખવાના ઇરાદે ઇકો કારને પુરઝડપે ચલાવી, ભરતગીરીની ઉપર ચડાવી અને શરીરે સામાન્ય તથા ગંભીર પ્રકારની ઇજાઓ પહોંચાડી ખુન કરેલ હોય તેવી હકીકત મેળવેલ હતી જે અંગે ઉડાણ પુર્વક તપાસ કરતા સદરહુ બનાવ અકસ્માતનો ન હોય અને ખુનનો બનાવ હોય જેથી આરોપીને તાત્કાલિક પકડી અને સઘન પુછપરછ કરતા આરોપી રોહીતગીરીએ પોતાના બનેવી ભરતગીરીનુ ખુન કરેલ હોવાનુ કબુલ કરતો હોય જેથી ફરીયાદીના પરીવારજનોને સત્ય હકીકત જણાવવા સારૂ આશ્વસન આપતા સદરહુ બનાવ બાબતે મરણજનારના દિકરાએ આરોપી વિરૂધ્ધ ફરીયાદ આપતા આ ગુન્હાનો ભેદ ઉકેલવામા સફળતા મેળવેલ છે.

આરોપી : (૧) રોહીતગીરી ઉર્ફે રોકી બાબુગીરી ગોસ્વામી રહે.જી.ઈ.બી. સોસાયટી, આનંદવાડી પાસે, વેરાવળ રોડ, ઉના જી.ગીર સોમનાથ કબ્જે કરેલ મુદામાલ- મારૂતિ સુઝુકી ઇકો કાર રજી. નંબર રજી. નંબર જી.જે.૦૩ ઇ કે ૨૬૩૯ કામગીરી કરનાર અધિકારી/કર્મચારીઓપો.ઇન્સ.એમ.એન.રાણા,તથા પો.સબ.ઇન્સ.આર.પી.જાદવ, તથાપો.સબ.ઇન્સ.એસ.બી.બોરીચા,એ.એસ.આઇ. શાંતિલાલ સોલંકી, તથા જોરૂભા મકવાણા, તથા પો.હેડ.કોન્સ.નાનજીભાઇ ચારણીયા, પો.કોન્સ.રવિસિંહ ગોહીલ,તથા ભાવસિંહ પરમાર,તથા અનિલભાઇ જાદવ, તથા લગધીરસિંહ સરવૈયા,તથા અરવિદભાઇ બારડ, તથા સુનિલભાઇ બાંભણીયા,તથા વિજયભાઇ રામ,તથા વિજયભાઇ વાઢેળ, સહિતના પોલીસ કર્મીઓએ આ ગુનાનો ભેદ ઉકેલી આરોપીને ઝડપી પાડી તેના પર કાયદેસરની કાર્યવાહી કરી છે

# રાષ્ટ્રીય એકતા મંચ દ્વારા પહેલગામ હુમલામાં મોતને ભેટેલા નિર્દોષ લોકોને શ્રદ્ધાંજલિ અપાઇ




જમ્મુ-કાશ્મીરનાં પહેલગામ ખાતે આતંકવાદીઓ દ્વારા નિર્દોષ પ્રવાસીઓ પર હુમલો કરવામાં આવ્યો હતો. આ ઘટનામાં ૨૮ જેટલા પ્રવાસીઓનાં મોત નિપજતા હાલ દેશભરમાં રોષની લાગણી જોવા મળી રહી છે ત્યારે આ મામલે રાજકોટમાં રાષ્ટ્રીય એકતા મંચ દ્વારા જુદા-જુદા કાર્યક્રમો યોજી આતંકવાદનો ખાત્મો બોલાવવાની માંગ કરવામાં આવી હતી. કેન્ડલ માર્ચ યોજીને ઈંટનો જવાબ પથ્થરથી આપવા અપીલ કરી હતી. રેસકોર્સ બહુમાળી ચોકે રાષ્ટ્રીય એકતા મંચ દ્વારા શ્રદ્ધાંજલિનો કાર્યક્રમ યોજાયો હતો. શહેરની વિવિધ સામાજિક આધ્યાત્મિક અને ધાર્મિક સંગઠનો અને સંસ્થાઓએ એકત્ર થઇ મૃતકોને શ્રદ્ધાંજલિ પાઠવી. લોકોએ સરકારને દાખલો બેસાડવા અપીલ કરી.

# ૨૮ પ્રવાસીઓ સામે ૨૮૦૦ આતંકવાદીઓનો ખાત્મો કરવા એનએસયુઆઈની માંગ

બીજી તરફ જમ્મુ કાશ્મીર ખાતે પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલામાં ૨૮ જેટલા પ્રવાસીએ પોતાના જીવ ગુમાવ્યા હતા. આ તમામને શ્રદ્ધાંજલિ આપવા માટે આજે NSUI દ્વારા કેન્દ્રીય વિદ્યાલયથી કે.કે.વી. ચોક સુધી કેન્ડલ માર્ચનું આયોજન કરાયું હતું. જેમાં નાં આગેવાનો અને કાર્યકરો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા અને ૨૮ સામે ૨૮૦૦ આતંકવાદીને મારવા તેમજ આતંકવાદીઓને ઈંટનો જવાબ પથ્થરથી આપવાની માંગ કરવામાં આવી હતી. NSUI પ્રદેશ પ્રમુખ નરેન્દ્ર સોલંકીએ જણાવ્યું કે, આ હુમલો ખરેખર નિંદનીય છે અને આખા દેશ માટે દુઃખનો સમય છે. ત્યારે અમે કોઈ રાજકારણ કરવા માંગતા નથી. પણ વડાપ્રધાન મોદી આતંકવાદીઓને ઈંટનો જવાબ પથ્થરથી આપે અને ૨૮ પ્રવાસીઓ સામે ૨૮૦૦ આતંકવાદીઓનો ખાત્મો કરે તેવી માંગ કરીએ છીએ. આ સાથે જ મૃતકોને શ્રદ્ધાંજલિ અને ઘાયલો જલ્દીથી સ્વસ્થ થાય એવી પ્રભુ પાસે પ્રાર્થના કરીએ છીએ.





MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# રાજકોટમાં માદક પદાર્થ MDના જથ્થા સાથે રાણાવાવનો શખ્સ ઝડપાયો

**એસ.ઓ.જી.ની ટીમને મળેલી સફળતા નવા રીંગ રોડ પર આવેલા વર્ધમાન એવન્યુ એપાર્ટમેન્ટના ગેટ પાસેથી દબોચી લઈ રૂ.૧૨.૮૯ લાખનો એમડીનો જથ્થો કબજે કર્યો અગાઉ જામનગરમાં એનડીપીએસના બે ગુનામાં ઝડપાયેલ શખ્સ પાસેથી કાર સહિત કુલ રૂપિયા ૧૭.૯૫ લાખનો મુદ્દા માલ પોલીસે કબજે કર્યો**






**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ શહેરમાં છેલ્લા ઘણા સમયથી માદક પદાર્થ વેચવાના બનાવો બનવા પામ્યા હોય અને રાજકોટમાં યુવા ધન નશા ના રવાડે ચડી ગયા હોય જેથી પોલીસ દ્વારા શહેર શહેરમાં સ્પેશિયલ મિશન હાથ ધરવામાં આવ્યું છે જેમાં માદક પદાર્થ વેચતા પેડલરો અને સેવન કરતાં નસેડીઓને દબોચી લેવા એસ ઓ જી ની ટીમ કામે લાગી છે ત્યારે રાજકોટના નવા રીંગ રોડ પર આવેલ વર્ધમાન એવન્યુ એપાર્ટમેન્ટના ગેટ પાસેથી રૂપિયા ૧૨.૮૯ લાખના એમડી ના જથ્થા સાથે રાણાવાવના પેડલરને દબોચી લેવામાં એસ ઓ જી ની ટીમને સફળતા મળી છે

આ અંગેની પોલીસ માંથી મળતી માહિતી મુજબ રાજકોટ એસ ઓ જી ના પી.આઈ એસએમ જાડેજા ની સૂચનાથી શહેરમાં માદક પદાર્થનું વેચાણ કરતા સક્ષો સામે કાર્યવાહી કરવા ની સૂચના આપવામાં આવતા હેડ કોન્સ્ટેબલ ફિરોજભાઈ રાઠોડ તથા દિગ્વિજયસિંહ ગોહિલ તથા કોન્સ્ટેબલ હાર્દિકસિંહ પરમાર સહિતનો સ્ટાફ શહેરની ભાગોળે નવા રીંગ રોડ પર પેટ્રોલિંગમાં હતા ત્યારે ચોક્કસ વાતની મળી હતી કે રાણાવાવનો અને અગાઉ જામનગરમાં એનડીપીએસના ગુનામાં પોલીસના ચોપડે ચડી ચૂકેલો નામચીન શખ્સ રાજકોટમાં એમડી નો જથ્થો લઈ આવતો હોવાની હકીકતના આધારે એસ ઓ જી ની ટીમે વોચ ગોઠવી હતી તે દરમિયાન રાણાવાવના હિન્દુસ્તાન ટ્રાન્સપોર્ટ ની સામે કબ્રસ્તાનની બાજુમાં રહેતો મુસ્તાક રજાક શેખ નામનો નવા રીંગ રોડ પર આવેલ રોયલ હોટલ ની બાજુમાં વર્ધમાન એવન્યુ એપાર્ટમેન્ટ ના ગેટ પાસે ઉભો હતો તેની કાર નંબર ૩ ૩૨-૧૮ માં બેઠો હોય ત્યારે પોલીસે તેને દબોચી લઈ કારની તલાસીલ લેતા તેમાંથી ૧૨૮.૯ ગ્રામ કિંમત રૂપિયા ૧૨.૮૯ લાખ નો એમડીનો જથ્થો મળી આવતા પોલીસે તેની ધરપકડ કરી કાર સહિત કુલ રૂપિયા ૧૭.૯૫ લાખનો મુદ્દા માલ કબજે કરી વધુ તપાસ હાથ ધરી છે.

# ગોંડલના ચોરડીમાં સરકારી ગોડાઉનમાંથી મગફળીની ચોરી કરનાર ૪ શખસો ઝડપાયા

**ગત તા.૨૧મીએ રાત્રીના રૂ.૭.૪૯ લાખની ૨૮૭ બોરીની ચોરી કરી હતી**

■ ગોંડલ તાલુકા પોલીસે બે ટ્રક સહિત રૂ.૧૬.૯૯ લાખના મુદ્દામાલ કબજે કર્યો




**મુખ્ય સમાચાર, ગોંડલ**

ગોંડલના ગોમટા ચોકડી પાસે આવેલ હરસિધ્ધી કેટરફીડ સરકારી મગફળી ખરીદીના ગોડાઉનમાંથી મગફળીની ચોરી કરનાર ચાર ઈસમોને રૂ. ૧૯,૯૯,૦૭૦ના મુદ્દામાલ સાથે તાલુકા પોલીસે પકડી પાડયા છે.

આ અંગેની માહિતી મુજબ ગત તા.૨૧/૦૪/૨૦૨૫ ના રાત્રીના સમય દરમ્યાન ગોંડલ તાલુકાના ગોમટા ચોકડી પાસે આવેલ હરસિધ્ધી કેડરફીડ નામના ગોડાઉનમાં સરકારે ખરીદી કરેલ મગફળીની કૂલ ૨૮૭ બોરી જેની કુલ કિંમત રૂ.૭.૪૯,૦૭૦ ની કોઈ અજાણ્યા ઈસમો ચોરી કરી લઈ જતા તાલુકા પોલીસ સ્ટેશન માં ફરીયાદ થઈ હતી. બનાવની ગંભીરતાને ધ્યાને લઈ તાલુકા પોલીસ સ્ટેશનના થાણા અધિકારી નવીન ચક્રવર્તીએ તુરંતજ પોલીસ સ્ટેશનના સ્ટાફ સાથે રહી અલગ-અલગ ટીમો બનાવી અનડીટેકટ ગુનાને ડીટેક્ટ કરી આરોપીઓને પકડી પાડવા માટે નજીકમાં આવેલ તમામ ઈન્ડસ્ટ્રીઝમાં આવેલ જુદા-જુદા કારખાના તેમજ રોડ રસ્તાના સી.સી.ટી.વી. ફુટેઝ ચેક કરેલ તેમજ ગોડાઉનની નજીકમાં આવેલ કારખાનામાં કામ કરતા અને રાત્રી દરમ્યાન કારખાનામાં રહેતા માણસોની પુછપરછ કરતા જાણવા મળેલ કે રાત્રીના સમયે બે આઈસર વાહનો ગોડાઉન તરફ જતા જોવામાં આવેલ અને આઈસરની આગળ મોટર સાયકલ લઈને ગોમટા ગામનો વિજય રાઠોડ જોવા મળેલ જે હકિકત આધારે વિજય રાઠોડને પકડી પુછપરછ કરતા તેણે જણાવેલ કે તેની સાથે કોઈલા ગામના દિપક વાસાણી તથા મજુર ભગડા ચારેયે સાથે મળી ભાડાથી બે આઈસર વાહનો મંગાવી ગોડાઉનમાંથી મગફળી ચોરી કર્યાની કબુલાત આપી હતી. ચોરી કરેલ મગફળીની બોરીઓ દિપક વાસાણીની ગોમટા ગામની સીમમાં આવેલ વાડીએ સંતાડેલાનું જણાવતા પોલીસે ગોમટા ગામની સીમમાં દિપક વાસાણીની વાડીએ જઈ ચેક કરતા ચોરી થયેલા મગફળીની કૂલ ૨૮૭ બોરી મળી આવતા મજકુર ઈસમોને ગોંડલ તાલુકા પોલીસે ચોરી થયેલા મુદામાલની કુલ રૂ.૭.૪૯,૦૭૦ ગણી કબજે કરી ચારેય ઈસમો વિરૂધ્ધ કાયદેસર કાર્યવાહી કરેલ છે.

### માજોઠીનગર અને આજી ડેમ પાસે દારૂના દરોડા

# બે સ્થળેથી ૧૨૮ બોટલ સાથે બે શખ્સની ધરપકડ

■ ૧.૨૯ લાખનો મુદામાલ જપ્તઃ બે શખ્સોની શોધખોળ



**મુખ્ય સમાચાર,રાજકોટ**

શહેરમાં પીસીબીની ટીમને મળેલી બાતમીને આધારે દુધ સાગર રોડ ઉપર માજોઠીનગર મેઈન રોડ ઉપર તેમજ આજીડેમ ચોકડીથી માર્કેટીંગ યાર્ડ જવાના રસ્તે સર્વીસ રોડ ઉપર બે સ્થળે દરોડો પાડી રૂ.૫૯ હજારના વિદેશી દારૂની ૧૨૮ બોટલ સાથે બે શખ્સોની ધરપકડ કરી બેની શોધખોળ શરૂ કરી છે. બન્ને દરોડામાં રૂ.૧.૨૯ લાખનો મુદ્દામાલ કબજે પીસીબીના ઈન્ચાર્જ પી.આઈ એમ.આર.ગોંડલીયા અને પી.આઈ એમ.જે.હુણની ટીમે બાતમીના આધારે બે સ્થળે દરોડા પડયા હતા જેમાં પ્રથમ દરોડો દુધ સાગર રોડ ઉપર માજોઠીનગર મેઈન રોડ ઉપર ભારત ટાયર પંચરની બાજુમાં આવેલ ઈમરાન દીલાવરભાઇ ફુલાણીના મકાનમાં પાડવામાં આવ્યો હતો જ્યાંથી રૂ. ૩૦,૯૫૮ની ૪૬ બોટલ વિદેશી દારૂ મળી આવ્યો હતો.

ઈમરાન દીલાવરભાઇ ફુલાણીની પુછપરછમાં ગુજરાત હાઉસીંગ બોર્ડ ક્વાર્ટર પાસે ન્યુ શકિત સોસાયટી પાણીના ટાંકા પાસે રહેતા રવિ કિશોરભાઈ મકવાણાનું નામ ખુલ્યું હતું. બીજા દરોડામાં આજીડેમ ચોકડીથી માર્કેટીંગ યાર્ડ જવાના રસ્તે સર્વીસ રોડ ઉપર કોહીનુર સર્વીસ સ્ટેશન પાસેથી ઓટો રીક્ષા નંબર જીજે-૦૩-બીટી-૯૪૦૨ માંથી રૂ.૨૮,૮૦૦ની કીમતની ૭૨ બોટલ વિદેશી દારૂ મળી આવ્યો હતો. પોલીસે રિક્ષા ચાલક જંગલેશ્વર શેરી નં. ૨૫ દેવપરા મેઈન રોડ ઉપર રહેતા સતારભાઈ કાદરભાઈ ફકીરની ધરપકડ કરી પુછપરછ કરતા પકડવાના કાલાવાડ રોડ ઉપર રહેતા અરબાજનું નામ ખુલ્યું હતું. પીસીબીએ દારુ સહીત કુલ રૂા.૯૮,૮૦૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો. પોલીસ કમિશ્નર બ્રજેશ કુમાર ઝાની સુચનાથી પી.સી.બીના પી.આઈ એમ.આર. ગોંડલીયા, એમ.જે.હુણ સાથે એ.એસ.આઈ. મયુરભાઈ પાલરીયા, સંતોષભાઈ મોરી, મહિપાલસિંહ ઝાલા, હરદેવસિંહ રાઠોડ પો.હેડ.કોન્સ. કિરતસિંહ ઝાલા, કામગીરી કરી હતી.

# બજરંગવાડીમાં રિસામણે બેઠેલી પુત્રીના ચારિત્ર્ય પર માતા પિતાએ શંકા કરતા આપઘાતનો પ્રયાસ

**સાસરીયામાં દંપતી વચ્ચે ડખ્ખો થતા પતિ ૧૦ દિવસ પહેલા જ માવતરે મૂકી ગયો તો**

**મુખ્ય સમાચાર,રાજકોટ**

બજરંગવાડી વિસ્તારમાં માવતરના ઘરે રિસામણે બેઠેલી પરિણીતાના ચારિત્ર પર માતા પિતાએ શંકા કરતા પુત્રીએ એસિડ પી લીધું હતું. આપઘાતનો પ્રયાસ કરનાર પરિણીતાને સારવાર માટે ખસેડવામાં આવી હતી.

આ અંગે ની જાણવા મળતી વિગત મુજબ ટંકારાના કલ્યાણપુર ગામે રહેતી સોનુબેન સોહીલભાઈ ભાણું નામની ૧૯ વર્ષની પરિણીતા બજરંગવાડી વિસ્તારમાં રહેતા પિતા કાસમભાઈ ઈસ્માઈલભાઈ જુણાચના ઘરે હતી ત્યારે એસિડ પી લીધું હતું સોનુબેન ભાણુને ઝેરી અસર થતા તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવી હતી આ અંગે સિવિલ હોસ્પિટલ પોલીસ ચોકીના સ્ટાફે ગાંધીગ્રામ પોલીસને જાણ કરતા ગાંધીગ્રામ પોલીસ મથકનો સ્ટાફ તાત્કાલિક સિવિલ હોસ્પિટલ ખાતે દોડી ગયો હતો.

પ્રાથમિક પૂછપરછમાં સોનુંબેન ભાણુના એક વર્ષ પૂર્વે કલ્યાણપુર ગામે રહેતા સોહીલ ભાણુ સાથે લગ્ન થયા હતા અને તેણીને સંતાન નથી દંપતિ વચ્ચે ઝઘડો થતાં દસ દિવસ પૂર્વે જ સોહીલ ભાણુ સોનુબેનને તેના માવતરના ઘરે મૂકી ગયો હતો સોનુબેનના ચારિત્ર્ય પર માતા પિતાએ શંકા કરતા એસિડ પી આપઘાતનો પ્રયાસ કર્યો હોવાનું જાણવા મળ્યું છે. આ બનાવ અંગે ગાંધીગ્રામ પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# ગણેશનગરમાં જુગાર રમતા કુખ્યાત ઈભલા સહિત છ જુગારી ઝડપાયા

**ડીસીપી ઝોન વન એલ.સી.બી.ની ટીમે દરોડો પાડી ૩૨૩૦૦ની રોકડ કબજે કરી**



**મુખ્ય સમાચાર,રાજકોટ**

મોરબી રોડ પર ગણેશનગરમાં એલસીબી ઝોન-૧ની ટીમે દરોડો પાડી જુગાર રમતા કુખ્યાત ઈભલા ખાટકી સહીત છ શખ્સોને ઝડપી પાડી પટમાંથી રૂા.૩૨૩૦૦ની રોકડ કબજે કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે. આ અંગેની જાણવા મળતી વિગત મુજબ એલસીબી ઝોન-૧ના કોન્સ. રવિરાજ પટગીર, સત્યજીતસિંહ જાડેજા, દિવ્યરાજસિંહ જાડેજા સહીતનો સ્ટાફ પેટ્રોલીંગમાં હતો. દરમિયાન મોરબી રોડ પર ગણેશનગરમાં લાતી પ્લોટ પાછળ અમુક શખ્સો જાહેરમાં જુગાર રમતા હોવાની બાતમીના આધારે પોલીસે દરોડો પાડયો હતો. જેમાં પતા ટીંચતો ગણેશનગરનો કુખ્યાત ઈબ્રાહીમ કરીમ કાથરોટીયા ઉર્ફે ઈભલો ખાટકી, ઉમેશ જગદીશભાઈ ડાભી (રે.ભગવતીપરા), નજીર અલ્લારખાભાઈ કસરીયા (રે.ભીલવ-ાસ), પરેશ રમેશભાઈ વાઘેલા (રે.ગણેશનગર), ઈમરાન હુસેનભાઈ ચોટીયારા (રે.ભગવતીપરા) અને હુસેન ઉર્ફે લાખો જુમાભાઈ ઠેબા (રે.ભગવતીપરા)ને ઝડપી પાડી પટ્ટમાંથી રૂા.૩૨૩૦૦ની રોકડ કબજે કી બી.ડીવીઝન પોલીસ મથકમાં તમામ વિરૂધ્ધ જુગારધામ એકટ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. ઉલ્લેખનીય છે કે જુગાર રમતા પકડાયેલો કુખ્યાત ઈભલા ખાટી વિરૂધ્ધ ૪૦થી વધુ ગુના નોંધાયેલા છે અને ૮ વખત પાસાની પણ હવા ખાઈ ચુકયો છે.

# લોકો પાઈલોટે ચાલુ ટ્રેને ફેંકેલી પાણીની બોટલે સગીરનો ભોગ લીધો'તો

■ શાપર-વેરાવળની મસ્ત ફાટક પાસે ૨૩ દિવસ પૂર્વે બનેલો બનાવપોલીસે સીસીટીવી આધારે રેલ્વે કર્મીને દબોચી લઈ ગુનાનો ભેદ ઉકેલ્યો

**મુખ્ય સમાચાર,રાજકોટ**

શાપર વેરાવળની મસ્ત ફાટક પાસે ગત.તા. ૩૧/૩ના વિચિત્ર ઘટના સર્જાઈ હતી. જેમાં ચાલુ ટ્રેનમાંથી કોઈએ પાણીની બોટલ ફેંકતા ઉભેલા ૧૪ વર્ષીય સગીરને આ બોટલ છાતીમાં લાગતા તેનું મૃત્યુ નીપજ્યું હતુ શાપર પોલીસે સીસીટીવી આધારે તપાસ હાથ ધરી પાણીની બોટલ ટ્રેનના એન્જીનમાંથી ફેંકનાર લોકો પાઈલોટને દબોચી લઈ ગુનાનો ભેદ ઉકેલી નાખ્યો છે.



આ અંગેની માહિતી મુજબ શાપર વેરાવળના શાંતિધામ સોસાયટીમાં રહેતો બાદલ સંતોષસિંગ ઉ.૧૪ નામનો સગીર ગત ૩૧ તારીખે બપોરે રેલ્વે ટ્રેક પાસે રમતો હતો ત્યારે પસાર થયેલ ટ્રેનમાંથી કોઈએ પાણીની બોટલનો ઘા કરતા આ બોટલ બાદલને છાતીમાં લાગતા તે બેભાન થઈ ઢળી પડ્યો હતો તેને કોટડાસાંગાણી હોસ્પીટલે ખસેડાયો હતો પરંતુ ફરજ પરના તબીબોએ મૃત જાહેર કરતા શાપર પોલીસ મથકના સ્ટાફે મોતનું ચોક્કસ કારણ જાણવા ફોરેન્સિક પીએમ અર્થે મૃતદેહ રાજકોટ સિવિલ હોસ્પીટલે ખસેડી શાપર પોલીસ મથકના પીઆઈ આર.બી.રાણાના માર્ગદર્શન હેઠળ સ્ટાફે સીસીટીવી તપાસતા ટ્રેન નં ૧૯૧૨૧૮ વેરાવળ બાન્દ્રા ટ્રેન નિકળેલ હોય અને તેના એન્જીનમાંથી કોઈ બોટલ ફેંકતું હોવાનું કેદ થયું હતું.બાદ જેતલસર જંકશને ટ્રેન અંગે તપાસ કરતા લોકો પાઈલોટ તથા આસીસ્ટન્ટ લોકો પાઈલોટની પુછતાછ કરતા લોકો પાઈલોટે પાણીની બોટલ ફેંકી હોવાની કબુલાત આપતા પોલીસે શીવરામ સુલતાનરામ ગુર્જર ઉ.૩૧ની ધરપકડ કરી બનાવનો ભેદ ઉકેલી નાખ્યો છે.

# સરકારી હોસ્પિટલમાં અન્નક્ષેત્રએ બનાવેલા ઓટલાને તંત્ર દ્વારા તોડી પડાયો

**વીજ જોડાણ અંગે પીજીવીસીએલમાં લેખિત જાણ કરાઈ**



**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ સિવિલ હોસ્પિટલમાં અન્નક્ષેત્ર ચલાવવા ટ્રસ્ટે કેટલાક અન અધિકૃત દબાણો કર્યાનું હવે તંત્રના ધ્યાને આવતા સફાળુ જાગ્યું હતું અને વિજ જોડાણ બાદ અન્નક્ષેત્ર દ્વારા બનાવવામાં આવેલ ગેરકાયદે ઓટલાને તંત્ર દ્વારા તોડી પડાયું હતુ પરંતુ કરોડોની જમીન હજુ ખાલી કરાવવામાં તંત્ર નિષ્ફળ ગયું હોવાની સિવિલમાં ગણગણાટ થઈ રહ્યો છે સિવિલ હોસ્પિ.માં અન્નક્ષેત્રનો ઓટો તોડી પડાયો હતો. જ્યારે એક્સ-રે વિભાગમાં આગ લાગી તે અંગે વીજ કંપનીએ તપાસ કરી છે. અન્નક્ષેત્રમાં અનધિકૃત રીતે વીજ વાયર લાંબાવાયો હતો, બનાવથી રેડિયોલોજીની મશીનરીઓમાં ફોલ્ટ આવ્યો છે.

આ અંગે આર. એમ. ઓ. મહેન્દ્ર ચાવડાએ જણાવ્યું કે, ગઈકાલે એક્સરે વિભાગમાં સવારે ૧૧.૩૦ વાગ્યાં આસપાસ શોર્ટ સર્કિટ થયું હતું. જેના કારણે ધુમાડો થયો હતો. વીજ ભાર વધવાના કારણે શોર્ટ સકિટ થયું હતું. પીજીવીસીએલ ટીમે તપાસ કરી હતી જેમાં અન્ન ક્ષેત્રમાં સિવિલ હોસ્પિટલમાં આવતા વીજ વાયરને તોડી અનધિકૃત રીતે વીજ વપરાશ કરાયો હોવાનું સામે આવ્યું હતું. પીજીવીસીએલએ લેખિત જાણ કરી છે.

આગળની કાર્યવાહી માટે ઉપરી કચેરીઓમાં જાણ કરાઈ છે. આ તરફ અન્ન ક્ષેત્ર દ્વારા ગેરકાયદેસર રીતે ઓટલો ચણી લેવાયો હોય, તેની જાણ થતા તુરંત સિક્યુરિટી એજન્સીને શો કોઝ નોટિસ અપાઈ હતી. સિક્યુરિટી વિભાગના ઈન્ચાર્જ ગિરિરાજસિંહ રાઠોડના માર્ગદર્શનમાં સિક્યુરિટી સ્ટાફ દ્વારા ઓટલો તોડી પાડવામાં આવ્યો હતો અને અહીં સેવા કરતા સેવક ગણને કોઈ પણ પ્રકારનું બાંધકામ ન કરવા અને કરતા પહેલા સિવિલ તંત્રને જાણ કરવા જણાવાયું હતું.

# રાજકોટની યુવતિ ને ફિલ્મ ડાયરેકટરની ઓળખ આપી અમદાવાદી શખ્સે શોષણ કરી ૨૦ લાખ પડાવ્યા

**મુંબઈની પાર્ટીમાં ઓળખ થતા પરિચયમાં આવ્યા બાદ પત્નીને છૂટાછેડા આપી લગ્નની લાલચ આપી'તી અંગત પળનો વીડિયો વાયરલ કરવાની ધમકી આપી પૈસા ખંખેર્યાની ફરિયાદ**

**મુખ્ય સમાચાર,રાજકોટ**

મુંબઈની પાર્ટીમાં ફિલ્મ ડાયરેક્ટર તરીકે ઓળખ આપનાર અમદાવાદના વાસણામાં રહેતા યુવકે રાજકોટની ગુજરાતી અભિનેત્રીનું બે વર્ષ શોષણ કરવા સાથે રૂ.૨૦ લાખ પડાવ્યાની પોલીસ ફરિયાદ નોંધી કાર્યવાહી કરાઈ છે.

રાજકોટમાં રહેતી ૩૦ વર્ષની યુવતીએ અમદાવાદમાં વાસણા બસ સ્ટેશન પાસે ગીતા એપાર્ટમેન્ટમાં રહેતા કૃણાલ મયંકભાઈ મચ્છર ઉર્ફે દુષ્યંતભાઈ ઝવેરી સામે ફરિયાદ નોંધાવી છે.

આ અંગેની માહિતી મુજબ યુવતીએ નોંધાવેલી ફરિયાદ માં ૨૦૧૦માં તેના છૂટાછેડા થયા હતા અને ગુજરાતી સિરિયલમાં કામ કરે છે. ઓગષ્ટ-૨૦૨૨માં મુંબઈ ખાતે એક બોલીવુડ પાર્ટીમાં કૃણાલે પોતાની ઓળખ ફિલ્મ ડિરેક્ટર અને પ્રોડયુસર તરીકે આપી હતી. આ પછી બન્ને વચ્ચે મિત્રતા થઈ હતી. કૃણાલ પત્ની સાથે છૂટાછેડા લેવાની વાતો કરી યુવતીને આર્થિક મદદ કરવાની વાત કરતો હતો. ફેબ્રુઆરી-૨૦૨૩માં યુવતી વાસણાના એક ફ્લેટમાં રહેવા આવી હતી અને બન્ને સાથે રહેતા હતા અને સંબંધો બંધાયા હતા. પત્નીને છૂટાછેડા આપવા પાંચ લાખ રૂપિયાની જરૂર હોવાની વાત કૃણાલે કરતાં યુવતીએ પોતાના મિત્ર પાસેથી પૈસા લઈને આપ્યા હતા. પત્નીને પોતે કાઢશે તેવી વાત કરી યુવતીને પરત રાજકોટ મોકલી હતી. આ પછી કૃણાલે સંપર્ક ઓછો કરી દીધો હતો. બાદમાં કૃણાલે અંગત પળોના વિડિયો વાયરલ કરવાની ધમકી આપી પૈસા માગવાનું શરૂ કર્યું હતું. કૃણાલે કુલ ૨૦ લાખ રૂપિયાથી વધુ રકમ મેળવી લીધી હતી. એપ્રિલ-૨૦૨૪થી યુવતીએ કૃણાલને પૈસા આપવાનું બંધ કરી પોલીસમાં અરજી કરી હતી. પત્ની સાથે છૂટાછેડા લઈ લગ્નની લાલચ આપી ૨૦ લાખ રૂપિયા પડાવી લેવા અંગે વાસણા પોલીસે કૃણાલ મચ્છર સામે ગુનો નોંધી તપાસ કાર્યવાહી હાથ ધરી છે.

# કેન્સર હોસ્પિટલના સુપરવાઈઝરે નોકરી પર સમયસર આવવાનું કહેતા કર્મચારીનો છરીથી હુમલો

**નાઈટ ડયુટીમાં મોડા આવવા મુદ્દે ઠપકો આપતા ઝઘડો કરી છરીના ઘા ઝીંકી દીધા**

**મુખ્ય સમાચાર,રાજકોટ**

શહેરના રૈયા રોડ કોમ્યુનિટી હોલ પાછળ જય સોમનાથ સોસાયટી તુલસી પાર્ક-૧૧માં રહેતાં મુળ અમરેલીના બાબરા તાબેના ખંભાળા ગામના ભાવીનભાઈ મનસુખભાઈ મકવાણા (ઉ.વ.૨૬) નામના યુવાનની ફરિયાદ પરથી ગાંધીગ્રામ પોલીસે આંબેડકરનગરમાં રહેતાં ચિરાગ પ્રવિણભાઈ સોલંકી વિરૂધ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો છે. ફરિયાદી ભાવીનભાઈએ જણાવ્યું છે કે હું હાલ રાજકોટ રહી નાથાલાલ પારેખ કેન્સર હોસ્પિટલમાં હાઉસકિપીં ગ સ્ટાફના સુપરવાઈઝર તરીકે નોકરી કરુ છું. ૨૧/૪ના રોજ મારે હોસ્પિટલમાં નાઈટ ડયુટી હોવાથી સાંજે આઠ વાગ્યે હોસ્પિટલે હતો. આ વખતે હાઉસકિપીંગ સ્ટાફનો કર્મચારી ચિરાગ સોલંકી કામ પર મોડો આવતાં મેં તેને ઠપકો આપ્યા હતો અને કહ્યું હતું કે તારે સમયસર કામ પર આવી જવું. આ કારણે ચિરાગ ઉશ્કેરાઈ ગયો હતો અને મારી સાથે બોલાચાલી કરી ઝઘડો કર્યો હતો. તેમજ મને તેણે નીચે આવવા કહ્યું હતું પરંતુ હું નીચે ગયો ન હતો. આ પછી ચિરાગે મને ફોન કરી ગાળો દીધી હતી. જેથી મેં અમારા ફિલ્ડ ઓફિસર લલીતભાઈ શુક્લા અને ઓપરેશન મેનેજર રવિભાઈ સરવૈયાને આ બાબતની જાણ કરી હતી.આ પછી સાગરભાઈ શુક્લાએ ચિરાગને સમજાવતાં તે વખતે તે જતો રહ્યો હતો. બીજા દિવસે મંગળવારે ૨૨મીએ ફરીથી ચિરાગે મને અવાર-નવાર ફોન કરવાનું ચાલુ કર્યુ હતું અને ગાળો દેવા માંડયો હતો. તેમજ ધાકધમકી આપતાં મેં કોલ રેકોર્ડ કરી લીધા હતાં. એ પછી મેં તેનો નંબર બ્લોક કરી દીધો હતો. ત્યારબાદ સાંજે સાતેક વાગ્યે હું સાગરભાઈ શુક્લા સાથે નોકરી પુરી કરી હોસ્પિટલ નજીક આવેલી પાનની કેબીને ફાકી ખાવા ઉભો હતો ત્યારે ચિરાગ સોલંકી સફેદ રંગનું એક્સેસ ટુવ્હીલર લઈને આવ્યો હતો અને મારો કાંઠલો પકડી ગાળો દીધી હતી. આ વખતે સાગરભાઈએ મને બચાવી લીધો હતો. આમ છતાં ચિરાગે પોતાના ટુવ્હીલરમાં પગ રાખવાની જગ્યાએ રાખેલી છરી ઉપાડી મને સાથળમાં એક ઘા મારી દીધો હતો અને ભાગી ગયો હતો. આથી મને સારવાર માટે સાગરભાઈ લઈ ગયા હતાં. મેં ચિરાગને નોકરીએ સમયસર આવવાનું કહેતાં ખાર રાખી મારા પર હુમલો કર્યો હોય જે અંગે આ ફરિયાદ નોંધાવી હતી. જેથી ગાંધીગ્રામ પોલીસ મથકના પીએસઆઈ પી. બી. પટેલે વધુ તપાસ હાથ ધરી છે.

# કટારીયા ઓટોમોબાઈલ્સ પ્રા.લી કંપનીમાં રૂ.૩.૮૭ લાખ જમા કરવાના બદલે કર્મચારી ચાઉં કરી ગયો

■ કાર બૂકીંગના પેટે ગ્રાહકોના લાખો રૂપિયા લઈ માત્ર ૫૫ હજારની પાવતી આપી

**મુખ્ય સમાચાર,રાજકોટ**

વાવડી ગામમાં આવેલ મહમદીબાગ સોસાયટીમાં રહેતા અને કટારીયા ઓટોમોબાઈલ્સ પ્રા.લી કંપનીમાં જનરલ મેનેજર તરીકે નોકરી કરતા અનવરભાઈ ફારૂકભાઈ મીનીવાડીયાએ તાલુકા પોલીસમાં મોરબી રોડ પર રહેતા જય અશોકભાઈ ડોડીયા સામે નોંધાવેલ ફરિયાદમાં જણાવ્યું હતું કે ગત.તા.૬ના અર્ટીગા સીએનજીના કસ્ટમર દર્શનને ફોન કરતા તેણે કહ્યું કે જયને બુકીંગ પેટેના ૪૫૦૦૦ આપ્યા હતા.પાવતી બીજા દિવસે આપશે તેમ કહ્યું હતું.બાદ ફરિ ૧.૪૭ લાખ આપેલ જેની પાવતી વોટ્સએપમાં આપશે કહ્યું હતું.

બાદ કસ્ટમર રાહુલ બાલુભાઈ ભેસાણીયાને ફોન કરતા તેણે કહ્યું કે ઉપરોકત શખસને એડવાન્સ પેટે રૂ.૫૦ હજાર આપતા તેણે પાવતી આપેલ હતી. બાદ ગત.તા.રૂ.૨૯ના શખસે કસ્ટમરને ફોન કરી ગાડીની ડીલીવરી ચાર દિવસમાં મળશે પરંતુ ડાઉન પેટેના રૂ.૧.૪૯ ભરવાના હોવાથી તેઓના કારખાને જઈ શખસે પેમેન્ટ લીધું હતું.અને ચેતન ધીરૂભાઈ વોરા પાસેથી શખસે રૂ.૫૧ હજાર લઈ માત્ર ૫ હજારની પાવતી આપી હતી.બાદ ઉપરોકત પેમેન્ટ અંગે શખસની પુછતાછ કરતા ત્રણ કસ્ટમરો પાસેથી કુલ રૂ.૪.૪૨ લાખ મેળવી લઈ માત્ર રૂ.૫૫ હજારની પાવતી આપી બાકીના રૂ.૩.૮૭લાખ પોતાએ ખર્ચ કરી નાખ્યા હોવાનું કહ્યું હતું.

# સોરઠીયા પ્લોટમાં આર્થિકભીંસથી કંટાળી યુવકનો એસિડ પી આપઘાતનો પ્રયાસ

**રૈયાધારના યુવાને ફિનાઈલ પી લેતાં તબિયત લથડી**

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટમાં સોરઠીયા પ્લોટમાં રહેતા યુવાને આર્થિકભીંસ કંટાળી જિલ્લા ગાર્ડન પાસે એસિડ પી લીધું હતું. આપઘાતનો પ્રયાસ કરનાર યુવકને સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો.

આ અંગે ની જાણવા મળતી વિગત મુજબ સોરઠીયા પ્લોટમાં રહેતા મહેન્દ્ર શરદભાઈ છીના નામનો ૨૪ વર્ષનો યુવાન રાત્રીના આઠેક વાગ્યાના અરસામાં જિલ્લા ગાર્ડન પાસે હતો ત્યારે એસિડ પી લીધું હતું. આપઘાતનો પ્રયાસ કરનાર યુવકને તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખાતે દાખલ કરવામાં આવ્યો હતો. પ્રાથમિક પૂછપરછમાં મહેન્દ્ર છીનાના લગ્ન બે વર્ષ પહેલા થયા છે અને તેને સંતાન નથી મહેન્દ્ર છીના બે ભાઈમાં મોટો છે મહેન્દ્ર છીના આઈસ્ક્રીમ પાર્લરમાં નોકરી કરે છે. પરંતુ આર્થિકભીંસના કારણે એસિડ પી આપઘાતનો પ્રયાસ કર્યો હોવાનું જાણવા મળ્યું છે.

આ ઉપરાંત બીજા બનાવમાં રૈયાધાર વિસ્તારમાં રાધેશ્યામ ગૌશાળા પાસે રહેતા સંજય મહેશભાઈ સોલંકી નામનો ૪૬ વર્ષનો યુવાન પોતાના ઘરે હતો ત્યારે સાંજના સાતેક વાગ્યાના અરસામાં કોઈ અગમ્ય કારણસર ફિનાઈલ પી લીધું હતું. યુવકને ઝેરી અસર થતા તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. ઉપરોક્ત બનાવ અંગે પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.